No Pages to Display

# બાળવાર્તા

## ભાગ પાંચમો

સંપાદક : ગિજુભાઈ
ચિત્રકાર : સોમાલાલ શાહ


: પ્રાપ્તિસ્થાન :

**સંસ્કાર સાહિત્ય મંદિર**

પ્લોટ નં.. ૧૯૨૫, રૂપાણી દીવડી પાસે,
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

પ્રકાશક
વિમુબેન બધેકા
દક્ષિણામૂર્તિ, બાલમંદિર
ભાવનગર.

પ્રથમ મુદ્રણ : સપ્ટેમ્બર, ૧૯૨૯
પુનર્મુદ્રણ - માર્ચ - ૧૯૯૮

મુદ્રક
સુમિત પ્રિન્ટર્સ
ડી. એસ. પી. ઓફિસ પાસે,
કાશીવિશ્વનાથ મંદિરની બાજુમાં,
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

# બા ળ વા ર્તા

## શ્રેણી પાંચમી

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | મગર અને શિયાળ | ૧ |
| ૨. | મગર અને ગોવાળિયો | ૯ |
| ૩. | હંસ અને કાગડાની વાર્તા | ૧૫ |
| ૪. | વાણિયા બદાણિયા | ૨૨ |
| ૫. | સોના સાઠ | ૨૯ |
| ૬. | સામસામી ખેંચાણી | ૩૨ |
| ૭. | સમળી મા | ૩૭ |
| ૮. | લે રે હૈયાભફ | ૪૨ |
| ૯. | તડતડ તુંબડી તડંતડા | ૪૭ |
| ૧૦. | હો આંબાભાઈ, હો લીંબાભાઈ ! | ૫૩ |
| ૧૧. | સોનબાઈ અને રૂપબાઈની વાર્તા | ૬૧ |
| ૧૨. | સોનબાઈની વાર્તા | ૬૫ |
| ૧૩. | સોનબાઈ ને બંગલો | ૭૨ |
| ૧૪. | સોનબાઈ ને બાવો | ૭૭ |
| ૧૫. | સોનબાઈ ને ભંગીનો છોકરો | ૮૩ |
| ૧૬. | રાજકન્યા અને ચાર પ્રવાસીઓ | ૯૦ |
| ૧૭. | અઘરા શબ્દોના અર્થ | ૯૭ |

# બા ળ વા ર્તા

## શ્રેણી પાંચમી

○ □ ○

## મગર અને શિયાળ

એક હતી નદી. એમાં એક મગર રહે. એક વાર ઉનાળામાં નદીનું પાણી સાવ સુકાઈ ગયું. પાણીનું ટીપુંય ન મળે. મગરનો જીવ જાઉં જાઉં થવા લાગ્યો. મગર હાલીયે ન શકે ને ચાલીયે ન શકે.



નદીથી દૂર એક ખાડો હતો. એમાં થોડુંક પાણી હતું. પણ મગર જાય શી રીતે? હાલીયે ન શકે ને ચાલીયે ન શકે!

ત્યાંથી એક કણબી જતો હતો.

મગર કહે: ''એ કણબીભાઈ, એ કણબીભાઈ? મને ક્યાંક પાણીમાં લઈ જા ને! ભગવાન તારું ભલું કરશે.''

કણબી કહે: ''લઈ જાઉં તો ખરો. પણ પાણીમાં લઈ જાઉં ને તું પકડી લે, તો?''

મગર કહે : ''છટ્ છટ્, હું તને પકડું? એમ બને જ કેમ?''

પછી કણબી તો એને ઉપાડીને પેલા ખાડા પાસે લઈ ગયો ને પાણીમાં નાખી.

પાણીમાં પડતાની સાથે જ મગર પાણી પીવા લાગી. કણબી એ જોતો જોતો ઊભો હતો, એટલામાં મગરે પાછા વળી કણબીનો પગ પકડ્યો.

કણબી કહે : ''તેં કબૂલ નહોતું કર્યું કે તું મને ખાઈશ નહિ? હવે મને કેમ પકડે છે?''

મગર કહે : ''જો, હું તો કાંઈ તને પકડત નહિ પણ ભૂખ એટલી બધી લાગી છે કે ખાધા વિના મરી જઈશ. ઊલટી તારી મહેનત નકામી જાય ને? આઠ દિવસની તો ઉપવાસી છું.''

મગર કણબીને પાણીમાં ખેંચવા લાગી.

કણબી કહે : ''જરા ઊભી રહે; આપણે કોઈની પાસે ન્યાય કરાવીએ.''

મગરે મનમાં વિચાર્યું : ''ભલે ને જરા ગમ્મત થાય!''

એણે તો કણબીનો પગ મજબૂત પકડી રાખ્યો ને બોલી : ''પૂછ; ગમે એને પૂછ.''

એક ઘરડી ગાય ત્યાંથી જતી હતી.

કણબીએ એને બધી વાત કહી ને પૂછ્યું: ''તું જ કહે ને બહેન! આ મગર મને હવે ખાય છે, એ તે કાંઈ ઠીક કહેવાય?''

ગાય કહે: ''મગરબહેન! ખાઈ જા ઈ કણબાને! એની જાત જ ખરાબ છે, દૂઝણાં હોઈએ ત્યાં સુધી રાખે; ને ઘરડાં થયાં કે કાઢી મૂકે. કેમ કણબા? આ ઠીક છે ને?''

મગર કણબીને જોરથી ખેંચવા લાગી.

કણબી કહે: ''જરા થોભ; બીજા કોઈને આપણે પૂછીએ.''

ત્યાં એક લૂલો ઘોડો ચરતો હતો.

કણબીએ બધી વાત એને કહી ને કહ્યું: ''કહે ભાઈ! તું તો કહે આ ઠીક છે?''

ઘોડો કહે: ''મહેરબાન! સારું નહિ ત્યારે શું, ખરાબ? મારી સામું તો જો? મારા ધણીએ આટલાં વરસો મારી પાસે ચાકરી કરાવી ને હું લંગડો થયો એટલે મને કાઢી મૂક્યો! માણસની જાત જ એવી છે. મગરબાઈ! ખૂશથી ખા એને.''

મગર તો કણબીનો પગ વધારે વધારે જોરથી ખેંચવા લાગી.

કણબી કહે: ''જરાક થોભ. હવે એક જ જણને પૂછીએ. પછી તું મને ખાજે.''

ત્યાંથી નીકળ્યું એક શિયાળ.

કણબી કહે : ''શિયાળભાઈ ! જરા આ અમારો એક ન્યાય કરશો ?''

દૂરથી શિયાળે કહ્યું : શું છે ભાઈ ?''

કણબીએ સઘળી વાત કરી.

શિયાળ એકદમ સમજી ગયું કે મગરનો વિચાર કણબીને ચટ કરી જવાનો છે. તે બોલ્યું : ''હેં? હેં કણબી? ત્યાં કોરી જગ્યાએ તું પડયો હતો ?''



મગર કહે : ''ના રે ના, ત્યાં તો હું પડી'તી.''

શિયાળ કહે : ''હં હં, મને બરાબર સમજાયું નહોતું. ઠીક, પછી શું થયું ?''

કણબીએ વાત આગળ ચલાવી.

શિયાળ કહે : ''શું કરું, મારી ચક્કલ ચાલતી નથી; કાંઈ સમજાતું નથી. ફરીથી બરાબર કહે. પછી શું થયું ?''

મગર જરા ચિડાઈને બોલી: ''જો હું કહું છું; હું ત્યાં પડી હતી.''

શિયાળ જરા માથું ખજવાળતું વળી બોલ્યું: ''ક્યાં? કેવી રીતે?''

મગર કહેવાના તોરમાં આવી. એણે કણબીનો પગ છોડ્યો અને ક્યાં અને કેવી રીતે પોતે પડી હતી તે બતાવવા લાગી.

તરત જ શિયાળે કણબીને નિશાની કરી કે ''ભાગ!''

કણબી ભાગ્યો ને શિયાળ પણ ભાગ્યું.

પછી ભાગતાં ભાગતાં શિયાળ બોલ્યું: ''મગરબાઈ! હવે સમજાયું તું કેવી રીતે પડી હતી તે. કહે જોઈએ, પછી શં થયું?''

મગર તડફડતી પડી રહી ને શિયાળ ઉપર ખૂબ દાંત પીસવા લાગી.

તે મનમાં બોલી: ''આ શિયાળની દોંગાઈને કોઈક વાર હું જોઈ લઈશ. મને એણે ફસાવી.''

થોડા દિવસ ગયા પછી વરસાદ આવ્યો. નદીમાં ખૂબ પૂર આવ્યું. મગર જઈને નદીમાં રહેવા લાગી.

એક દિવસ શિયાળ નદીમાં પાણી પીવા આવતું હતું. મગરે એને દૂરથી જોયું. મગર કિનારા ઉપર જઈને

ગારામાં બરાબર લપાઈને બેઠી; ન હલે કે ચલે. માત્ર બે આંખો ઉઘાડી રાખી હતી.

શિયાળે એના ડોળા ભાળ્યા ત્યાંથી જરા દૂર જઈને એ ઊભું રહ્યું ને હસીને બોલ્યું :

''નદીનાળાના ગારાને આવ્યા બે ડોળા;
નદીનાળાના ગારાને આવ્યા બે ડોળા !''

મગરે એક આંખ મીચી દીધી.

શિયાળ આંખો મિચકાવીને બોલ્યું.

''નદીનાળાના ગારામાં રહ્યો એક ડોળો;
નદીનાળાના ગારામાં રહ્યો એક ડોળો !''

મગરે બંને આંખ મીંચી દીધી.

શિયાળ બોલ્યું : ''ઓહો !''

''નદીનાળાના ગારાના ગયા બેય ડોળા;
નદીનાળાના ગારાના ગયા બેય ડોળા !''

મગર સમજી ગઈ કે આ તો શિયાળે પોતાને ઓળખી. તે કહે : ''આગળ કોઈ વાર વાત.''

ઘણા દિવસ થયા. શિયાળ કયાંય મળે નહિ. એક વાર શિયાળ ખૂબ પાસે નદીમાં પાણી પીતું હતું. સરરર કરતી મગર એની પાસે આવી અને શિયાળનો પગ પકડયો.

શિયાળે ધાર્યું. : ''હવે જરૂર માર્યા. આ તો મગરના સપટામાં આવ્યા.''

પણ તે કાંઈ ગભરાઈ જાય એમ નહોતું. ખડખડ હસીને બોલ્યું: ''ઓહો મારો પગ પકડ ને! આ પૂલનો થાંભલો શું કામ પકડે છે? મારો પગ તો આ રહ્યો.''

મગરને લાગ્યું કે આ તો ખરેખર આપણે ભૂલ્યા! એણે તો તરત જ શિયાળનો પગ છોડી દીધો ને જોરથી થાંભલો પકડ્યો.

પગ છૂટતાં શિયાળે દોટ દીધી. દોડતાં દોડતાં શિયાળ બોલ્યું, ''મગરબાઈ, એ મારો પગ નથી, એ તો થાંભલો છે. મારો પગ તો આ રહ્યો!''

શિયાળે ફરીથી એ નદીએ પાણી પીવાનું છોડી દીધું.

મગરે ઘણી રાહ જોઈ; રાતદિવસ પહેરો રાખ્યો. પણ શિયાળ તો નદી ઉપર આવે જ શાનું?

હવે શું કરવું?

નદીકાંઠે એક આંબાવાડિયું હતું. ત્યાં શિયાળ પોતાના ભાઈબંધોને લઈને રોજ કેરી ખાવા આવે.

મગરે વિચાર કર્યો કે હવે આંબાવાડિમાં છુપાવું. એક દિવસ સાખના મોટા ઢગલામાં લપાઈને બેઠી. શિયાળને આવતું જોઈને બે ડોળા ઉઘાડા રાખ્યા.

હમેશની જેમ શિયાળ તો મિત્રમંડળ લઈને આવ્યું. તરત જ તેની નજરે બે ડોળા પડ્યા. તેણે બૂમ પાડી કહ્યું:

''ભાઈ! સંભાળજો. આ મોટો ઢગલો સરકારી છે. એની પાસે કોઈ જશો નહિ. આ બીજા ઢગલામાંથી ખાજો.''

આ વખતે પણ શિયાળ આવ્યું નહિ.

મગર કહે: ''હવે તો એની બખોલમાં જ જઈને બેસું. ત્યાં હાથ આવશે જ.''

એક વાર શિયાળને બહાર ગયેલું જોઈ મગર તેની બખોલમાં જઈને બેઠી.

અડધી રાત રખડીને સવાર પડવા આવી એટલે શિયાળ બખોલે આવ્યું. ત્યાં એણે મગરના બે ડોળા ભાળ્યા. તે કહે: ''વાહ, આજે તો મારે ઘેર બે દીવા!''

મગરે એક ડોળો મીંચી દીધો.

શિયાળ કહે: ''અરે આ એક દીવો ઓલવાઈ ગયો!''

મગરે બેય ડોળા મીચી દીધા.

શિયાળ કહે: ''અરે આ તો બેય દીવા ઓલવાઈ ગયા. હવે અંધારામાં કોણ જાય! ચાલ બીજી બખોલમાં જાઉં.''

મગર તો ઘણી વાર સુધી રાહ જોતી બેઠી, પછી કંટાળીને નદીએ ગઈ.

શિયાળ કોઈ દિવસ હાથ જ ન આવ્યું.

★ ★ ★

# મગર અને ગોવાળિયો

એક હતી મગર. એક વાર એણે વિચાર્યું ''ચાલ ને આ નદીમાંથી નીકળીને તળાવમાં જાઉં ! નદી તો સુકાઈ જવા આવી છે.''

રાત પડી એટલે મગર નદીમાંથી નીકળીને ચાલવા માંડી. અડધે રસ્તે આવી ત્યાં તો સવાર પડી.

મગર કહે: ''હવે ચાલીશ તો કોઈ ભાળશે ને મારી નાખશે.''

એ તો એક ખાડા પાસે પડી.

પડખેથી એક ગોવાળિયો ઢોર લઈને નીકળ્યો.

મગર કહે: ''ગોવાળભાઈ, ગોવાળભાઈ! મને તળાવમાં લઈ જશો?''

ગોવાળ કહે: ''ના રે બાપુ! તું મને ખાઈ જ જા ને!''

મગર કહે: ''નહિ ખાઉં. જોજે, જરૂર તને નહિ ખાઉં.''

ગોવાળિયાએ તો મગરને ખાંધ ઉપર ઉપાડી. તળાવ પાસે લઈ ગયો ને કાંઠે મૂકી.

મગર કહે: ''ભાઈ! મને પાણીમાં ઉતાર. હજી તો મારા પગે નથી પલળ્યા, હાથે નથી પલળ્યા; હજી તો સાવ કોરી છું. આ ગોઠણ સુધીના પાણીમાં લઈ જા.''



મગર કહે : ''ભાઈ! હજી તો મારા પગે નથી પલળ્યા; હાથે નથી પલળ્યા; હજી તો સાવ કોરી છું. જરા કડ સમાં પાણીમાં તો લઈ જા?''

ગોવાળિયો તો મગરને વળી કડસમા પાણીમાં લઈ ગયો.

મગર કહે : ''ભાઈ! હજી તો મારા પગે નથી પલળ્યા, હાથે નથી પલળ્યા, હજી તો સાવ કોરી છું. મને ડોકસમાં પાણીમાં તો લઈ જા?''

ગોવાળિયો તો મગરને ડોકસમાં પાણીમાં લઈ ગયો.

ત્યાં તો ગોવાળિયાને મગર કહે : ''હવે તો હું તને ખાઈ જ જવાની. હવે તે કાંઈ મુકું?''

ગોવાળ કહે : ''એમ તે હોય? મેં તને તડકામાંથી અહીં આણી, ને હવે મને જ ખવાય? આ તો હું તારું સારું કરવા ગયો ત્યારે તું જ મને ખાવા બેઠી! આ કાંઈ ઠીક ન કહેવાય.''

મગર કહે: ''પણ તને ન ખાઉં તો મરી જ જાઉં ના?''

ગોવાળ કહે: ''એમ નહિ, ચાલો આપણે ન્યાય કરાવીએ.''

ત્યાં તો એક ગધેડો ભૂંકતો ભૂંકતો ત્યાંથી નીકળ્યો.

ગોવાળ કહે: ''હેં ભાઈ, ગધેડાભાઈ! આ અમારો ન્યાય તો કરતા જાઓ? તમે ડાહ્યા માણસ લાગો છો.''

ગધેડો કહે: ''બોલો જોઈએ, તમારો શો કજિયો છે?''

ગોવાળે બધી વાત કરી.

ત્યારે ગધેડો કહે: ''એ તો ભાઈ! દુનિયામાં એવું જ ચાલે છે. આ જુવાન હતો, ને ડીફાંના માર ખાતો અને ભાર ઉપાડતો ત્યાં સુધી તો શેઠે મને રાખ્યો ને કામ કરાવ્યું. હવે ઘરડો થયો એટલે આ બે ડંડીકા મારીને કાઢી મૂકયો છે. આ દુનિયામાં ન્યાય જ અવળો છે. તું ભલું કરવા ગયો તે હવે ભોગવ. તને કોણે કીધું'તું કે તું મગરને ઉપાડીને પાણીમાં લઈ જજે?''

એમ કહીને ગધેડો તો ચાલ્યો ગયો.

મગર કહે: ''હવે હું તને ખાઈશ.''

ગોવાળ કહે: ''ઉતાવળી થા મા. જો આપણે બીજાને પૂછીએ. ગધેડે એવું કહ્યું એમાં બધાં શું આવી ગયાં? એ તો કહે દુઃખનો માર્યો.''

ત્યાં તો એક બળદ નીકળ્યો.

ગોવાળ કહે : ''ભાઈ, બળદભાઈ ! એ બળદભાઈ! આ જરા અમારો ન્યાય કરતા જાઓ ને?''

બળદ કહે : ''શું છે, કહો જોઈએ?''

ગોવાળે બધી વાત કરી.

બળદ કહે : ''એ તો દુનિયામાં એમ જ ચાલ્યું આવે છે. જો; આ જાત ચાલતી હતી ત્યાં સુધી તો શેઠે ઢસરડા કરાવ્યા; પણ અટક્યા એટલે આંકીને કાઢી મૂક્યો! આ ગુણ કર્યો તો કે' અવગુણ કરું. મગર કરે છે એમાં નવાઈ શી કરે છે? એ તો એમ જ ચાલે છે.''

મગર કહે : ''હવે હું તને ખાઈશ.''

ગોવાળ કહે : ''બહેન! ઉતાવળી ન થા. હજી કો'કને પૂછીએ.''

ત્યાં એક શિયાળ નીકળ્યું.'

ગોવાળ કહે : ''અરે ઓ શિયાળભાઈ, શિયાળભાઈ! આમ તો જુઓ, આ અંવળો ન્યાય? આ મગર રસ્તા ઉપર પાણી વિના તરફડતી હતી ત્યાંથી હું તેને તળાવે લાવ્યો ને પાણીમાં નાખી, ત્યારે કહે છે કે હવે તો તને જ ખાઉં!''

શિયાળ કહે : ''એ તો મોટો અન્યાય કહેવાય. ઊભો રહે, હમણાં તને છોડાવું છું.''

એમ કહીને શિયાળ તો 'હુકી, હુકી! એમ કર્યું એટલે બધાં શિયાળ ભેગાં થઈ ગયાં.

પછી બધાં શિયાળોએ ઘડીકમાં તળાવનું પાણી મોઢામાં ભરીભરીને ખાલી કરી નાખ્યું, એટલે મગરબાઈ તો મરવા જેવાં થઈ ગયાં ને ગોવાળને છોડી દીધો.

મગર કહે : ''શિયાળિયા! યાદ રાખજે. તને કરમદાં ખાતું પકડીશ, ઊમરાં ખાતું પકડીશ; પણ પકડીશ, પકડીશ ને પકડીશ! જવા નહિ દઉં.''

શિયાળ કહે : ''ભલે; તારાથી થાય તે કરી લેજે!''

બીજે દિવસ શિયાળ વીરડામાં પાણી પીવા આવે તે પહેલાં મગર એમાં જઈને હલ્યા ચલ્યા વિના સૂતી.

શિયાળ પાણી પીવા આવ્યું. એણે તે મગરને ઓળખી કાઢી.

શિયાળ કહે : ''આજે મારી માએ એમ કહ્યું છે કે વીરડામાં હંગેલું મૂતરેલું પાણી હોય માટે ખાડાના તાજાં પાણી પીવાં.'' એમ કહીને શિયાળે ખાડાનું પાણી પીધું ને ચાલ્યું ગયું.

મગર કહે : ''આ તો પકડાયું નહિ. કંઈ નહિ; કાલે હવે ખાડાખાબોચિયામાં જ જઈને બેસું.''

બીજે દિવસ શિયાળ જ્યાં પાણી પીવા જાય ત્યાં ખાડામાં મગર દેખાઈ.

શિયાળ સમજી ગયું. તે કહે : ''આજ તો મારી માએ કીધું છે કે ખાડાખાબોચિયામાં હંગેલું મૂતરેલું પાણી હોય માટે વીરડાનાં તાજાં પાણી પીવા.'' એમ કહીને શિયાળે વીરડાનું પાણી પીધું.

મગર કહે : ''મૂઉં ! કયે દિવસે હાથ આવવાનું ?''

પછી તો મગર કરમદાંના ઝાડ ઉપર ચડીને બેઠી. શિયાળભાઈ જ્યાં કરમદાં ખાવા આવે ત્યાં તો મગરે શિયાળનો પગ પકડ્યો.

શિયાળ કહે : ''સારું થયું કે મારો પગ પકડતાં કરમદાનું ડાળું પકડ્યું. નહિતર મારા બાર જ વાગી જાત ના !''

મગરે વિચાર્યું : ''અરે આ તો ભૂલ્યા ! મૂઆના ટાંટિયાને બદલે ડાળું પકડ્યું.''

એમ કહીને જ્યાં મગરે પગ ધારીને ડાળું પકડ્યું ત્યાં તો શિયાળ ભાગ્યું ને હીં હી કરી મગરને ચીડવી.

પછી તો મગર શિયાળની બખોલમાં જઈને બેઠી ને ઉં ઉં કરવા માંડી.

શિયાળભાઈ આવીને કહે : ''રોજ તો કોઈ બોલતું નથી, ને આજે કોણ બોલે છે ? કો'ક નવતર આવ્યું લાગે છે. ચાલ ને' એને બાળી જ નાખું !''

એમ કરીને એણે બખોલ ઉપર કાંટા નાખી એને સળગાવી. સાથે બિચારી મગર પણ બળી ગઈ !

# હંસ અને કાગડાની વાર્તા

એક હતું સરોવર; મોટા દરિયા જેવડું.

એને કાંઠે એક વડ; મોટો બધો વડ.

એના ઉપર એક કાગડો રહે.

કાગડો તો કાળો કાળો મેસ. કાગડો એક આંખે કાણો અને એક પગે ખાંગો. કાગડો બોલે તો 'કૉ કૉ.' કાગડો ઊડે તો જાણે પડ્યો કે પડશું. તોય કાગડાનો ગો માય નહિ. મનમાં તો એમ કે મારા જેવું કોઈ ના ઊડે; મારાં જેવું કોઈ ન બોલે! કાગડો દોઢડાહ્યો થઈને બેસે અને બધા કાગડાને ડરાવે.

એક વાર ત્યાં હંસ આવ્યા. આવીને વડ ઉપર રાત રહ્યા.

સવાર પડી ત્યાં કાગડે ભાળ્યા.

કાગડો વિચારમાં પડ્યો : ''અરે, આ વળી કોણ હશે? આ નવતર પ્રાણી ક્યાંના? કાગડે બાપગોતર હંસ ભાળ્યા હોય તો ને!

કાગડે એક પાંખ ફેરવી, એક પગ ઊંચો કર્યો ને રોફથી પૂછ્યું : ''અલ્યા એ, કોણ છો તમે? અહીં કેમ આવ્યા છો. પૂછ્યા વિના કેમ બેઠા?''

હંસ કહે : ''ભાઈ! અમે હંસ છીએ. ફરતાં ફરતાં આવ્યા છીએ; હમણાં જ થાક ખાઈને ચાલ્યા જશું.''

કાગડો કહે : ''એ તો બધું જાણ્યું. પણ કંઈ ઊડતાં કરતાં આવડે છે કે એ તો મોટા શરીર જ વધાર્યા છે?''



હંસ કહે : ''આવડે એવું સરખું. ઠીક ઠીક ઊડી જાણીએ.''

કાગડો કહે : ''વારુ. ઊડવાની કાંઈ જાતોબાતો આવડે છે? આપણને તો એકાવન ઊડ આવડે છે.''

હંસ કહે : ''એકાવન તો શું, પણ એકાદ ઊડ ઊડી જાણીએ.''

કાગડો કહે : ''ઓયવોય! એમાં તે શું મોટું?''

હંસ કહે : ''એ તો અમને તો એવું જ આવડે ના?''

કાગડો કહે : ''કાગડા જેવું કોઈ થયું છે? ક્યાં એકાવન ને ક્યા એક! કાગડો તે કાગડો, ને હંસ તે હંસ!''

હંસો સાંભળી રહ્યા. ને મનમાં મનમાં હસી રહ્યા.

પણ હંસોમાં એક હંસ જુવાન હતો. એનાથી ન રહેવાયું; એનું લોહી ઊકળ્યું. એ બોલ્યો : ''કાગડાભાઈ! હવે બસ થઈ. નકામી વાતો શી કરવી? ચાલો ને આપણે જરાક ઊડી જોઈએ? તમારી એકાવન ઊડ બતાવો તો ખરા. પછી જોઈએ, ને પછી ખબર પડે કે કાગડો તે કાગડો અને હંસ તે હંસ છે કે નહિ.''

કાગડો કહે : ''ચાલો.''

હંસ કહે : ''ત્યારે બતાવો.''

કાગડે તો ઊડો બતાવવા માંડી. ઘડીક ઊંચે ચડ્યો ને કહે : ''આ એક ઊડ.'' પાછો નીચો આવ્યો કહે : ''આ બીજી ઊડ.'' પાછો પાંદડે પાંદડે ઊડીને બેઠો ને કહે : ''આ ત્રીજી ઊડ.'' વળી પાછો એક પગે જમણી કોર ઊડ્યો ને કહે : ''આ ચોથી ઊડ.'' પાછો ડાબી કોર ઊડ્યો ને કહે : ''આ પાંચમી.''

કાગડે તો આવી ઊડો કરવા માંડી પાંચ, સાત પંદર, વીસ, પચીસ, પચાસ ને એકાવન ઊડો કરી બતાવી.

હંસ તો ટગરટગર જોઈ રહ્યા. મનમાં મનમાં હસી રહ્યા.

એકાવન ઊડ પૂરી થઈ એટલે કાગડાભાઈ મલકાતા મલકાતા આવ્યા ને કહે : ''કાં હંસભાઈ! કેમ, કેવી ઊડ?''

હંસો કહે : ''ઊડ તો ભારે! પણ એક અમારી ઊડ પણ હવે જોશો ના?''

કાગડો કહે : ''હવે એક ઊડમાં તે શી જોવી'તી! આમ પાંખો ફફડાવીને આમ કરીને ઊડવું, એમાં જોવું'તું શું?''

હંસો કહે : ''એ તો ઠીક, પણ આ એક જ ઊડમાં જરા સાથે ઊડવા આવવું હોય તો આવી જુઓ. જરા ખબર તો પડે કે એક ઊડ પણ કેવી છે?''

કાગડો કહે : ''ચાલો ને, તૈયાર જ છું. એમાં ક્યાં સિંહ મારવો છે.''

હંસ કહે : ''પણ તમારેય સાથે જ રહેવું પડશે. તમે સાથે રહો તો બરાબર જોઈ શકો ના?''

કાગડો કહે : ''સાથે શું, આગળ ઊડું પછી છે કાંઈ?''

કાગડો આગળ ઊડ્યો ને હંસ તેની પાછળ ઊડ્યો.

કાગડે તો ફડફડ પાંખો ફફડાવીને મારી મૂક્યા. હંસ પાછળ સાવ ધીરે ધીરે પાંખો ફફડાવતો ચાલ્યો.

ત્યાં કાગડો પાછો વળીને કહે : કાં? આ જ ઊડ છે ને! બીજું કાંઈ બતાવવું બાકી છે?''

હંસ કહે : ''ભાઈ, જરા ઊડયા જાઓ, ઊડયા જાઓ, હમણાં ખબર પડશે.''

કાગડો કહે : ''હંસભાઈ! કાં વાંસે વાંસે ચાલ્યા આવો? આવા ધીરા શું છો? ઊડવાના કાયર લાગો છો!''

હંસ કહે : ''ઊડો તો ખરા; ધીરે ધીરે ઠીક છે.''

કાગડાના પગમાં હજી તો જોર હતું. કાગડો આગળ ને હંસ પાછળ ઊડયે જતા હતા. કાગડો કહે : ''કાં ભાઈ! આ જ ઊડ બતાવવી છે? લ્યો, ચાલો હવે થાકયા હશો; પાછા વળીએ. આમા કાંઈ માલ નથી.''

હંસ કહે : ''જરા આગળ તો ઊડો! હજી ઊડ બતાવવી બાકી છે.''

કાગડો આગળ ઊડવા લાગ્યો.

પણ કાગડાભાઈ હવે થાકી ગયા હતા. પોતે આગળના પાછળ થઈ ગયા.

હંસ કહે : ''કાં કાગડાભાઈ! પાછળ કાં રહો ? ઊડ હજી થવાની છે. પાછળ રહો તે જુએ કોણ?''

કાગડો કહે : ''ઊડો ઊડો; હું જોતો આવું છું, ઊડયો આવું છું.''

પણ કાગડાભાઈ ઢીલા થઈ ગયા હતા; પંડમાં જોર

નહોતું રહ્યું. ભાઈની પાંખો હવે પાણીમાં અડવા માંડી હતી.

હંસ કહે : ''કાગડાભાઈ ! આ પાણીને ચાંચ અડાડીને ઊડવું એ કયા પ્રકારની ઊડ, ભલા ?''

કાગડો જવાબ શો આપે ?

હંસ તો આગળ ઊડયો ને કાગડાભાઈ પાછળ પાણીમાં ડૂબકાં દેવા લાગ્યા.

હંસ કહે : ''કાં કાગડાભાઈ ! ચાલો ને હજી મારી ઊડ તો જોવાની છે. થાક્યાં ક્યા ?''



કાગડો પાણી પીતો પીતો પણ આગળ ઊડવા મહેનત કરતો હતો. જરાક આગળ ગયો પણ પછી તો પાણી ઉપર પડી ગયો.

હંસ કહે : ''કાગડાભાઈ ! આ વળી કયો પ્રકાર કર્યો ? બાવનમો કે ત્રેપનમો ?''

પણ કાગડો તો પાણીમાં ગળકાં ખાવા લાગ્યો હતો; રામશરણની તૈયારી થઈ હતી.

હંસને દયા આવી. ઝટ લઈને પાસે આવ્યો ને કાગડાને પાણીમાંથી કાઢી લઈ પીઠ ઉપર બેસાર્યો.

પછી હંસ કાગડાને પીઠ ઉપર લઈને ઊંચે આકાશ સુધી ઊડ્યો.

કાગડો કહે : ''એ ભાઈ! આ તું શું કરે છે? મને તો ચક્કર આવે છે. આ તું ક્યાં ચાલ્યો? હેઠો ઊતર, ભાઈ! હેઠો ઊતર.''

કાગડો ધ્રુજતો હતો.

હંસ કહે : ''ભાઈ! જો તો ખરો? આ હું તને એક ઊડ બતાવું છું.''

કાગડો ભોંઠો પડ્યો, મૂરખો બન્યો ને કરગરવા લાગ્યો.

પછી હંસ હેઠે આવ્યો ને કાગડાને વડલા ઉપર મૂક્યો ત્યારે કાગડાને થયું કે ''હાશ, હવે જીવ્યા!''

પણ તે દિવસથી કાગડો સમજી ગયો.



# વાણિયા બદાણિયા

વીશ હતા વાણિયા.

વીશે જણા જાત્રા કરવા નીકળ્યા.

ચાલતાં ચાલતાં રસ્તે એક નહેરું એવ્યું. નહેરાનું નામ જાંબુડિયું.

નહેરું ખૂબ જ ઊંડું; દિવસેય પૂરો તડકો ન આવે.

વાણિયા એ નહેરામાંથી જતા હતા, ત્યાં સામેથી ચોર મળ્યા. એક તો વાણિયા ને એમાં ચોર મળ્યા ! વાણિયાની કાછડીઓ તો ઢીલી થવા માંડી.

ત્યાં તો ચોરે હાકલ કરી : ''એલા કોણ છે એ! લૂંગડાંલત્તાને ઘરેણાંગાંઠાં કાઢી નાખો, નહિ તો મૂઆ પડ્યા છો !''

પણ વાણિયા સમયસૂચક ખરા ને ! સામા થઈને શું કરે કહે : ''કયો ભાઈ ના પાડે છે? આ લૂગડાં લત્તાં; આ ઘરેણાં ને આ ગાંઠાં. ના પાડે એ તમારો દીકરો !''

ચોરને ભસ પાકી. ઘરેણાંગાંઠાં ને લૂગડાંલતાં ઝટઝટ ઉપાડી લીધાં અને ગાંસડી બાંધીને ચાલી નીકળ્યા.

વાણિયાભાઈ તો ઊભા થઈ રહ્યા. પણ મનમાં વિચાર કરવા લાગ્યા : ''માળું, આમ ચોર લૂંટી જાય એ

તો કાંઈ ઠીક-નહિ. એમ તો પછી આપણી ડાહી જાત લાજે. માટે કાંઈક જુક્તિ કરવી જોઈએ.''

યુક્તિ વિચારીને એક વાણિયો ચોરની પાછળ દોડ્યો. પાસે જઈને બે હાથ જોડીને કરગરીને કહેવા લાગ્યો : ''એ ભાઈ! એક મારી અરજ છે; જરા સાંભળશો ?''



ચોર કહે : ''હવે જા જા, ગોલો થા મા. એમ કાંઈ અમે ભોળવાઈએ એમ નથી. તું વાણિયો તો અમે સાત વાણિયા !''

વાણિયો કહે : ''બાપુ ! એમાં ભોળવાની વાત જ નથી. અમારાથી તે તમને કાંઈ પહોંચાય ?''

એક ચોર કહે : ''ઠીક, જરાક જોઈએ; શી અરજ છે ?''

વાણિયો કહે : ''આ જરાક જોતા જાવ, અમે એક

નવી ભવાઈ શીખ્યા છીએ. આ સામે ગામ કરી બતાવવી છે. તમે પારખું માણસ; જોઈને કહો કે બરાબર આવડે છે કે નહિ.''

બીજો ચોર કહે : ''એ ભાઈ! એમાં ક્યાંક વાણિયાભાઈની ગત ન હોય, હોં! ઈ વાણિયાની ગત વાણિયા જ જાણે.''

વાણિયો કહે : ''એમાં કાંઈ ગતે નથી ને બતે નથી. આ અમારે તો તમને બતાવવું છે. જોતા જાવ તો ભલા ઠીક, નીકર અમારો કાંઈ હુકમ ચાલે છે?''

ત્રીજો ચોર કહે : ''અરે ભાઈ! કોને સમજાવે છે? ભવાઈ તો તરગાળા કરે ઓછબિયા કરે. ક્યાંઈ વાણિયા તે કરતા હશે?''

વાણિયો કહે : ''વાણિયાય કરે ને એના બાપેય કરે. વખાના માર્યા સૌ કરે. હવે ભાઈ જોવી હોય તો હા કહો એટલે કરીએ નહિતર રહ્યું!''

ચોરો કહે : ''તો ભાઈ! ચાલો ને જોતા જઈએ! ત્યાં ઈ બકાલ વાણિયાની શી બીક છે? ને સિવાય આપણી આ બંદૂક ને તલવાર ક્યાં ગઈ છે?''

ચોર તો ભવાઈ જોવા બેઠા ને વાણિયા ભવાઈ કરવા માંડ્યા.

વાણિયાઓ તો પહેલો વેશ ગણપતિ દાદાનો લાવ્યા ને ગાવા માંડ્યા :

''દુંદાળો દુ:ખભંજનો
ને સદા ય બાળવેશ;
દુંદાળો દુ:ખભંજનો
ને સદા ય બાળવેશ.''

ચોરો કહે : ''માળું, ભવાઈ કરતાં આવડે તો છે!''

પછી બ્રાહ્મણનો વેશ આવ્યો. બ્રાહ્મણ તો વાવડી ખોદતો જાય ને ગાતો જાય :

''એક ભરમો વાવડી ખોદે ને
ભરમો રામ રામ જી રે;
એક ભરમો વાવડી ખોદે ને
ભરમો રામ રામ જી રે.''

ચોર કહે : ''સાચું હો! વાણિયાનેય ભવાઈ તો આવડે છે!''

પછી કહે : ''એલા વાણિયાઓ! આ નવો વેશ નથી. આ તો જે બધે થાય છે. એ જ વેશ છે.

વાણિયો કહે : ''લ્યો, ત્યારે નવો વેશ તો હજી હવે આવશે. ઈ નવા વેશ સારું તો તમને દેખાડીએ છીએ.''

ત્યાં વાણિયે જાંબુડિયાનો વેશ કાઢ્યો.

જાંબુડિયો થયેલો વાણિયો તો કૂદવા, નાચવા ને ગાવા લાગ્યો :

''આમ કડો, તેમ કડો,
જઈ જાંબુડિયે જાણ કડો,

આમ કડો, તેમ કડો,
જઈ જાંબુડિયે જાણ કડો.''

વાણિયા તો બધા ભેગા થઈ નાચવા ને ગાવા મંડ્યા :

''આમ કડો, તેમ કડો,
જઈ જાંબુડિયે જાણ કડો,
આમ કડો, તેમ કડો,
જઈ જાંબુડિયે જાણ કડો.''

ચોર તો સામે જોઈ રહ્યા. એકબીજાને કહે : ''માળા વાણિયા છે કાંઈ ! હટાણું વેચતાં ભવાઈ કરવા મંડ્યા. પણ માળી આવડે તો છે !''



ત્યાં તો બધાંમાંથી એક વાણિયો જરા જુદો ચાલવા લાગ્યો :

''આમ કડું, તેમ કડું,
જઈ જાંબુડિયે જાણ કડું,

આમ કહું, તેમ કહું,
જઈ જાંબુડિયે જાણ કહું.''

બીજા વાણિયા ઝીલવા લાગ્યા ને આ વાણિયો ગાતો ગાતો પાછે પગે જવા લાગ્યો.

ચોરો તો જોઈ રહ્યાં.

એમ ગાતાં ગાતાં એક વાણિયો તો ક્યાંનો ક્યાંઈ ગયો. દૂર જઈને જાંબુડિયે ગામે પહોંચ્યો. જઈને ફોજદારને બધી વાત કહી ને સિપાઈ લઈને નહેરા ભણી ચાલી નીકળ્યો.

અહીં તો બીજા વાણિયાઓએ વેશ ઉપર વેશ કાઢવા માંડયાં.

કેરબાનો કાઢયો, ડાગલાનો વેશ કાઢયો, બીજા કેટલાયે વેશ કાઢયા.

ત્યાં તો ઘોડાના ડાબલા સંભળાયા. વાણિયાઓએ જાણ્યું કે ''હં, સિપાઈ આવી પહોંચ્યા છે; હવે ચોર સપડાશે.''

ચોરે ઘોડાના ડાબલા સાંભળ્યા ને તેઓ ચમક્યા. પણ ત્યાં તો વાણિયાઓએ ઘોડાનો જ વેશ કાઢયો ને ગાવા મંડયા :

''વાણિયા બદાણિયા આવે છે,
ને ઘોડાનો વેશ લાવે છે:

વાણિયા બદાણિયા આવે છે,
ને ઘોડાનો વેશ લાવે છે.''

ચોરોના મનમાં એમ થયું કે આ તો ઘોડાનો વેશ આવે છે, અને એમાં ઘોડાના ડાબલા સંભળાય છે. તેઓ તો બેઠાં.

ત્યાં તો ખાખી લૂગડાંવાળા ફોજદાર ને સિપાઈ દેખાયા.

ચોર બીના ને નાસવા લાગ્યા; પણ ત્યાં તો વાણિયાઓએ ગાયું :

''વાણિયા બદાણિયા આવે છે,
ને ફોજદારનો વેશ લાવે છેઃ
વાણિયા બદાણિયા આવે છે,
ને સિપાઈનો વેશ લાવે છે.''

ચોરો કહે : ''અરે, આ તો વેશ છે! વાણિયા માળા ભારે સાચેસાચા વેશ કાઢતા લાગે છે.''

ત્યાં તો સિપાઈ અને ફોજદાર આવી પહોંચ્યા ને ચોરને પકડી મૂશ્કેટાટ કર્યા.

ને વાણિયાભાઈ પછી પોતાનાં લૂગડાંલત્તાં ને ઘરેણાંગાંઠાં લઈ ઘરભેગા થઈ ગયા.



# સોનાં સાઠ

એક હતો મિયાં અને એક હતો વાણિયો.

વાણિયો મિયાં પાસે રૂપિયા માગે. મિયાંની દાનત ખોરા ટોપરા જેવી; એને પૈસા દેવાનો સ્વપ્નેય વિચાર નહિ. વાણિયો ઉઘરાણીએ આવે પણ મિયાં આડાદોઢાં જવાબ આપે.

. વાણિયો ઉઘરાણી કરીને થાક્યો; કહી કહીને થાક્યો; કહેવરાવીનેય થાક્યો. પછી કંટાળ્યો.

એક દિવસ કાખમાં ચોપડા લઈને મિયાંને ઘેર ગયો. જઈને કહે : ''છે કોઈ ઘરમાં ?''

મિયાંનો છોકરો કહે : ''કેમ શેઠ? બાપુ તો બહાર ગયા છે.''



વાણિયો કહે : ''કેમ ગયા છે ?''

છોકરો કહે : રળવા ગયા છે.''

વાણિયો કહે : ક્યાં ?''

છોકરો કહે : ''સીમમાં લીંબોળી લેવા ગયા છે. વાડામાં બાપુ લીંબોડીનાં ઝાડ વાવશે; તેના લીંબડા

થશે ને એને લીંબોળી આવશે. લીંબોળીઓ અમે ખાશું ને એનાં જે ઠળિયા રહેશે તે બાપુ વેચશે. એના જે પૈસા આવે તેમાંથી વાણિયાનું દેવું દેવાનું છે.''

વાણિયો સમજી ગયો : ''આ મિયાંના પૈસા કોઈ દિવસ પતે એમ નથી.''

મિયાં ઘેર આવ્યો. છોકરે બધી વાત કરી. મિયાં કહે : ''બરાબર ન કહ્યું. છેવટે પૈસા આપવાની વાત કરી ના? એટલુંય શું કામ કહેવુ'તું?''

ત્યાં તો વાણિયો ધૂંવાપૂંવા થતો આવ્યો. કહે : ''આ કાકાના રૂપિયા કાઢી નાખો, નહિતર કૉરટે ચડીશ!''

મિયાં : ''કોણ બેટો ના પાડે છે? બોલાવો ને પંચને? પંચ જે કહે તે આપણે કબૂલ છે. પંચ કહે તો રોકડા ખખડાવીને ગણી આપું.''

પંચ આવ્યું. પંચ વિષ્ટિ કરવાં માડ્યું. હામા હામા કરતાં સોના સાઠ આપવાનું પંચે ઠરાવ્યું.

મિયાં કહે : ''સાઠ રૂપિયા તો બહુ થાય. કંઈ ઓછું કરો તો અબઘડી આપું.''

વળી પંચે હામા હામા કરી બે આમ કાપી, બે આમ કાપી, અડધા રૂપિયા કાઢી નાખ્યા. એટલે પછી રૂપિયા આખા ત્રીસ આપવાના રહ્યા.

મિયાં કહે : ''હવે બરાબર છે. વાહ, પંચે કાંઈ

ન્યાય તોળ્યો છે! પંચ માબાપ સાચું. લ્યો ત્યારે હમણાં જ આપું છું. આ દસ તો આપું છું; દસ અપાવીશ, ને દસમાં લેવું'તું શું ને દેવું'તું શું? આટલે દિવસે આટલું મોટું નામું સમજ્યા ત્યારે આટલી છૂટ તો મૂકવી જ જોઈએ ના?''



વાણિયા સામે જોઈને મિયાંએ કહ્યું : ''જુઓ શેઠજી! સાંભળી જાઓઃ પછી એ પ્રમાણે ચોપડામાં લખી નાખો સાંભળો :

સોના કર્યા સાઠ,
અરધા ગયા નાઠ,
દસ દઉંગા, દસ દિલાઉંગા,
ઓર દસમેં ક્યા લેના ઓર દેના!''

મિયાંની ચતુરાઈ જોઈ વાણિયો હસી પડ્યો. મિયાંનો છોકરો કહે : ''બાપા! જુઓ, વાણિયો હસે છે.''

મિયાં કહે : ''હસે જ તો. આજ તો પૈસા નગદેનગદ મળી ગયા!

# સામસામી ખેંચાણી

એક હતો વાણિયો. વીરચંદ એનું નામ. ગામડામાં રહે. હાટડી માંડે અને રળી ખાય.

ગામમાં કાઠી અને કોળીઓને વઢવાડ; બાપદાદાનું વેર.

એક દિવસ કાઠી કથળ્યા અને કોળી ઊમટ્યા; સામસામી તલવારો ખેંચી બજાર વચ્ચે ઊતરી પડ્યા.

કાઠીએ જમૈયો કાઢ્યો ને કોળી ઉપર ઘા કર્યો. કોળી ખસી ગયો ને કાઠી ઉપર કૂદ્યો; એક ઘાએ કાઠીનું ડોકું હેઠું પડ્યું ને તલવાર લોહી લોહાણ !



વાણિયો તો મારામારી જોઈ હબકી ગયો. હાટડી બંધ કરીને અંદર પેઠો. અંદરથી બધું જોતો હતો ને ધ્રૂજતો હતો.

''ખૂન થયું. કાઠીનું ખૂન થયું; દોડો રે દોડો !'' એવી બૂમ પડી.

આમથી તેમથી સિપાઈસપરા દોડી આવ્યા;

ગામધણી ને મુખી પણ આવ્યા. બધા કહે : ''આ રઘા કોઈળીનો ઘા બીજા કોઈની હામ નહિ !''

પણ કૉરટે ચડવું એટલે સાહેદી વિના કેમ ચાલે?

કોઈ કહે : ''આ વીરચંચ શેઠ હાટડીમાં હતાં. એ આપણા સાક્ષી. ભાળ્યું ન ભાળ્યું એ જાણે. હાટડીમાં તો હતા ને?''

વાણિયાને તો પકડી મંગાવ્યો ને કર્યો હાજર ફોજદાર પાસે. ફોજદારે પૂછ્યું : ''બોલ વાણિયા! શું જાણે છે?''

વાણિયો કહે : ''બાપજી! મને કશી વાતની ખબર નથી. હું તો હાટડીમાં બેસી નામું લખતો હતો.''

ફોજદાર કહે : ''બસ, તારે જુબાની આપવી જ પડશે. કહેવું પડશે કે મેં બધું નજરોનજર ભાળ્યું છે.''

વાણિયો મૂંઝાયો. ડોકું હલાવી ઘેર ગયો.

રાત પડી પણ ઊંઘ આવે નહિ. વાણિયે વિચાર કર્યો : ''આમ કહીશ તો કોળી સાથે વેર થશે ને આમ કહીશ તો કાઠી વાંસે પડશે. કાંઈક વાણિયાગત કરું.''

વાણિયાના મનમાં વિચાર સૂઝયો ને ઊઠયો; ઢીલી પોતડી, માથે ફાળિયું ને ખભે ખેસિયું નાખી વીરચંદ ચાલ્યો.

જઈને કાઠીનું બારણું ખખડાવ્યું.

કાઠી કહે : ''કેમ શેઠ ! અત્યારે મોડી રાતે કેમ !

વાણિયો કહે : ''ઘરડેરા ! ગામના કોળી બહુ ફાટયા છે. કે' છે આજે એક ખૂન કર્યું ! કાલે કોણ જાણે શુંયે કરશે ? કાલે એની વાત છે.''

ઘરડેરો તો રાજી થયો ને વાણિયાને સો રૂપિયા ગણી આપ્યા.

વાણિયો કેડે રૂપિયા બાંધી કોળીને ઘેર ગયો. કોળી કહે : ''શેઠ ! અત્યારે ક્યાંથી ? શું કામ પડ્યું છે ?''

વાણિયો કહે : ''બીજું તો શું ? આ ગામના ઠાકરડા ફાટયા છે. એકને ટાળ્યો એ જ ઠીક કર્યું. રંગ છે કોળીની માને !''

કોળી પણ રાજી થયો. વાણિયાને એણે બે કળશી બાજરો ભરી દીધો.

વાણિયો તો ઘેર જઈ નિરાંતે સૂતો. મનમાં કહે : ''કોળી ને કાઠી બંનેને લૂંટયાં. હવે કાલે કોરટને ઠગવી છે.''

બીજે દિવસે કેસ ચાલ્યો. ન્યાયાધીશ કહે : ''વાણિયા ! બોલ; ખોટું બોલે એને પરભુ પૂછે.''

વાણિયો કહે : ''ખોટું બોલે તેને પરભુ પુછે.''

ન્યાયધીશ કહે : ''બોલ જોઈએ, ખુન કેમ થયું ને કોણે કર્યું ?''

વાણિયો કહે : ''શા'બ! અહીંથી કાઠી કબકબ્યા ને ત્યાંથી કોળી હમહમ્યા.''

''પછી?''

''પછી ઈનું ઈ.''

''પણ ઈનું ઈ શું?''

''શા'બ! અહીંથી કાઠી કબકબ્યા ને ત્યાંથી કોળી હમહમ્યા.''

''પણ પછી?''

''પછી? પછી તો સામસામી ખેંચાણી ને મારી આંખ મિંચાણી.''



એમ કહીને વાણિયો તો ભસ દઈને કોરટ વચ્ચે

જ પડ્યો ને બોલ્યો : ''અરે શા'બ, વાણિયાએ કાંઈ લોહીનો ત્રસકો યે ભાળ્યો છે? ઈ સામસામી ખેંચાણી અને મને તમ્મર આવી ગઈ. તમ્મર તે એવી આવી કે ઈ સિપાઈસપરા ભેળા થયા ત્યારે જ સાધ આવી.''

ન્યાયાધીશ કહે : ''ઠીક; હવે ફરી વાર તારી જુબાની બોલી જા જોઈએ?''

વાણિયો કહે :

''અહીંથી કાઠી કબકબ્યા
ને ત્યાંથી કોળી હમહમ્યા;
સામસામી ખેંચાણી ને
મારી આંખ મિંચાણી.''

ન્યાયાધીશે આખરે વાણિયાને રજા આપી ને કાઠીને કોણે માર્યો તે સમજાયું નહિ. કેસ આખો ઊડી ગયો.

## સમળી આ

એક હતો વાણિયો. એને હાથે એક ગૂમડું થયું.

વાણિયો રોજ વૈદ પાસે જાય અને દવા કરે પણ કેમે કરીને ગૂમડું ફૂટે નહિ.

એક વાર વાણિયો વૈદ પાસે જતો હતો ત્યાં રસ્તામાં એક સમળી મળી.

સમળી કહે : ''વાણિયાભાઈ, વાણિયાભાઈ! આ તમારે હાથે શું થયું છે?''

વાણિયો કહે : ''જુઓ ને બહેન! આ કેટલાક દિવસથી ગૂમડું થયું છે. ફાટતુંયે નથી ને ફૂટતુંયે નથી. કોણ જાણે કેવીય જાતનું છે.''

સમળી કહે : ''અરે, એમાં તે શું છે? ગૂમડું હું ફોડી આપું; પણ એમાંથી જે નીકળે ઈ મારું.''

વાણિયો મનમાં વિચાર કરવા લાગ્યો કે ગૂમડામાંથી તે વળી શું નીકળવાનું હતું! પાક નીકળશે અને પરુ નીકળશે; એમાં સમળી કાંઈ ખાટી ખાશે નહિ. એમ ધારીને એણે કહ્યું : ''ઠીક; જે નીકળે તે તમારું. એક વાર મારું દુઃખ મટાડો!''

સમળીએ તો ચાંચ મારી ઝટ દઈને ગૂમડું ફોડી નાખ્યું. ત્યાં તો એમાંથી એક દીકરી નીકળી; રૂપાળી રંભા જેવી.

દીકરી આપતાં વાણિયાનો જીવ ઘણો ન ચાલ્યો પણ કરે શું? સમળી સાથે વચને બંધાયો હતો.

છેવટે કોચવાતા મને વાણિયાએ સમળીને દીકરી આપી.



સમળી તો દીકરીને એના માળામાં લઈ ગઈ. મોટા બધા માળામાં સમળીએ એને રાખી. સમળીએ એનું નામ રંભા પાડ્યું.

સમળી તો રંભાને કાંઈ રાખે! રોજ નિતનવાં ખાવાનાં લઈ આવે, પહેરવા ઓઢવાનાં ને લૂગડાંઘરેણાં લઈ આવે, ને રાજી રાજી રાખે. રંભાને કોઈ વાતની મણા નહિ.

એકવાર રંભા કહે : ''મા ! મને ચંદનહાર પહેરવાની હોંશ થઈ છે.''

સમળી કહે : ''ઠીક દીકરી! તો કાલે ચંદનહાર લઈ આવું. પણ વખતે લાવતાં લાવતાં બે દી મોડુંય થઈ જાય. ચંદનહાર તો કો'ક રાજાને ઘેર કે મોટા નગરશેઠને ત્યાં હોય, મોડી આવું તો મૂંઝાઈશ નહિં.''

રંભા કહે : ''ઠીક.''

સમળી તો ચંદનહાર લેવા ઊડી. એક દિવસ થયો, બે દિવસ થયા, ત્રણ દિવસ થયા, પણ ક્યાંઈ ચંદનહાર હાથ ન આવે. ચંદનહાર ક્યાંકથી મળે ત્યારે સમળી પાછી આવે ના?

રંભા તો માળામાં બેઠી બેઠી સમળી માની રાહ જુએ છે. આજ આવશે, કાલ આવશે, એમ કરતી વાટ જોતી બેઠી છે.



ત્યાં તો એક રાજાનો કુંવર શિકારે નીકળેલો તે માળા પાસે આવ્યો. રંભાને જોઈને એ તો ખુશીખુશી થઈ ગયો. રંભાને તો એ પોતાને મહેલ લઈ ગયો.

ચોથો દિવસ થયો ત્યાં તો સમળી ચંદનહાર લઈને આવી.

પણ માળામાં રંભા તો ન મળે!

સમળી કહે : ''રંભા ક્યાં ગઈ હશે?''

ઘણા સાદ પાડ્યા પણ રંભા આવી નહિ. સમળી તો રોવા મંડી. ખૂબ ખૂબ રોઈ; ધ્રૂસકે ધ્રૂસકે રોઈ પણ રંભા ક્યાંથી આવે? એ તો રાજાના કુંવર સાથે મહેલમાં રમતી'તી, ખાતી'તી ને મજા કરતી'તી.

સમળી તો રોઈ રોઈને થાકી પછી કહે : ''ચાલ ને ક્યાંક ગોતું?''

સમળી તો ઊઠી.

દરેક ઘરને છાપરે જઈને બેસે ને બોલે : ''મારી રૂપાળી બાને, મારી રાધિકા બાને, કોણ હરી ગયું? કોણ જીતી ગયું? કોણે દીધા વનવાસ?''

સમળી ગામેગામ ફરે અને છાપરેછાપરે બેસી બોલે.

એમ કરતાં કરતાં જે ગામમાં રંભા હતી તે ગામમાં સમળી આવી અને રાજાના મહેલની જ ઉપર બેસીને બોલી : ''મારી રૂપાળી બાને, મારી રાધિકા બાને, કોણ હરી ગયું? કોણ જીતી ગયું? કોણે દીધા વનવાસ?''

હીંડોળા ઉપર બેસીને રંભા ખટક ખટક હીંચકતી હતી. એને કાને સમળીનો આવજ આવ્યો.

રંભા કહે : ''સાંભળો તો ખરાં, એલા, કોણ બોલે છે ?''

ત્યાં તો સમળી ફરી બોલી : ''મારી રૂપાળી બાને, મારી રાધિકા બાને, કોણ હરી ગયું ? કોણ જીતી ગયું ? કોણે દીધા વનવાસ ?''

રંભા કહે : 'અરે, આ તો મારી બા જ બોલે છે !''

દાસીઓ કહે : 'ના રે, બા ! એ તો છાપરે બેઠેલી સમળી છે.''

રંભા કહે : ''ખરેખર, એ મારી બા જ છે. એને અહીં લાવો.''

પછી માણસોએ છાપરે ચડીને સમળીને પકડીને મહેલમાં આણી.

દીકરીને જોઈને સમળી તો રાજી રાજી થઈ ગઈ. માદીકરી ભેટી પડયાં. પછી રંભાએ સમળીને માટે સોનાનું પાંજરું કરાવ્યું ને એમાં એને રાખી.

માદીકરી રોજ સુખદુઃખની વાતો કરે છે, ને ખાય પીએ ને મજા કરે છે.

# લે રે હૈયાભફ

એક હતો કણબી ને એક હતી કણબણ. એકએકને માથે ભાંગે એવા; એકએકને પહોંચી વળે એવાં.

સાંજનો વખત હતો. કણબી ખેતરેથી આવી ખાટલે બેઠો બેઠો થાક ખાતો હતો.

ત્યાં તો કણબણ રાંધણિયામાંથી બોલી : ''એ સાંભળ્યું કે? મારે પિયરેથી ઓલ્યો માંડણ ભરવાડ આવ્યો છે; ઈ સમાચાર લાવ્યો છે કે ત્યાં દુકાળ પડયો છે ને ખાવા મળતું નથી. કહે કે મારાં માબાપ દૂબળાં થઈ ગયાં છે.''

કણબીએ આસ્તેથી જવાબ આપ્યો : ''તે એમાં આપણે શું કરીએ? આપણે કાંઈ પરભુ છીએ તે મે' આણીએ? હોય, દુકાળેય પડે!''

કણબણને તો માઠું લાગ્યું ને તાડૂકી : ''લે! કે' છે, હોય, દુકાળેય પડે! ખબર પડે દુકાળ વેઠયો હોય તો! જુઓ, હું કહું છું કે આજ ને આજ જાઓ ને ગાડું ભરી ઘઉં નાખી આવો. વળી આપણે તો આ ભગરી ભેંશ દૂઝે છે, માટે આ ટીલડી ગાય પણ લેતા જજો. સમજાયા?''

કણબી તો વિચારમાં પડી ગયો ને માથુ ખંજવાળવા મંડયો ત્યાં તો માથામાંથી એક વાત જડી, ને સડપ કરતો ને ઊભો થયો ને રાંધણિયામાં ગયો.

રસોડામાં જઈને કહે : ''એમાં શું? તું ભાતું કર. કાલ મળસકે જાઈશ. હારે (સાથે) આપણો ગગો પણ આવશે.''

પાસે ગગો ઊભો હતો તે તો રાજીના રેડ થઈ ગયો. એ તો કૂદવા માંડયો ને દોડવા માંડયો : ''હેઈ, કાલે આપાને ઘેર જવાનું! કાલે આપાને ઘેર જવાનું!''

કણબીએ ભળકડે ગાડું જોડયું. કણબણે ઊઠીને ગાડામાં ઠાસી ઠાસીને ઘઉં ભર્યા; મહી પચાસ રૂપિયાની કોથળી પણ સંતાડી. એના મનમાં કે ઘઉં ભેળી કોથળી પણ બાપાને પહોંચશે. ઘઉં ભરીને ગાડે એક ગાય પણ બાંધી દીધી. ગાયને ગળે સારું મજાનું એક ફૂમકું બાંધ્યું ને ગાડાને અને કણબીને રવાના કર્યા.

ગાડું ચાલ્યું જાય છે ત્યા બે મારગ ફાટયા. એક કણબીના સસરાના ગામનો ને બીજો એની બહેનના ગામનો.



કણબીએ હળવેક દઈને રાશ ખેંચી ને ગાડું બહેનના ગામને મારગે વાળ્યું.

ગાડામાંથી ગગો બોલ્યો : ''આતા ! આ મારગ તો ફુઈના ગામનો. ઓલ્યો મામાના ગામનો મારગ.''

કણબી કહે : ''બેસ, હવે ડાયો થા મા, ડાયો ! તને મારગની બહુ ખબર પડે તે ! કાલ સવારનું છોકરું !''

ગગો મૂંગો થઈ બેસી રહ્યો ને ગાડું ચાલવા મંડ્યું.

સાંજ પડી; ગાડું બહેનને ગામ આવ્યું. ત્યાંયે દુકાળ પડેલો. નદી સુકાઈ ગયેલી. મોલ બળી ગયેલા અન્નપાણીના સાસા.

બહેન તો ભાઈને જોઈને રાજીનારેડ થઈ ગઈ. એક તો ઘરે ભાઈ આવ્યો ને સાથે વળી ગાડું ભરીને ગઉં લાવ્યો. ઉપરિયાણમાં એક દૂઝણી ગાય પણ લાવ્યો !

બહેને ઝટપટ લાપશી કરી ને મગ કર્યા. ભાઈભત્રીજાને ખૂબખૂબા હાથ ઠારીને જમાડ્યા. ને કેટલી યે પરોણાચાકરી કરી.

બાપદીકરો તો બહેનને ત્યાં સારી પેઠે બેચાર દિવસ રહ્યા ને પછી ગાડું જોડી ઘેર પાછા આવ્યા.

કણબી ઘેર આવ્યો એટલે કણબણ કહે : ''કાં ઘઉં આપી આવ્યા ? કાં, ગાય મારાં માબાપને કેવીક ગમી ? કાં, ઈ બધાં સાજાંતાજાં છે ને ?''

કણબી કહે : ''મારે તો ખેતરે જવું છે. આ ગગલાને બધું પૂછ.''

કણબણ કહે : ''હેં ગગા ! મામા તો સારા છે ને ?''



ગગો કહે : ''બા! ત્યાં કાંઈ મામા નો'તા.''

કણબણ કહે : ''મામા કદાચ ગામ ગયા હશે; મામી તો સારી હતી ને?''

ગગો કહે : ''પણ બા! મામીબામી કોઈ નો'તું. ત્યાં તો ફુઈ હતાં, ભાણિયા હતા, ફુવા હતા ને ઈ બધાં હતાં.''

કણબણ વાત પામી ગઈ.

મનમાં કહે : ''હં; આ તો બહેનને ત્યાં બધું નાખી આવ્યા લાગે છે!''

કણબણે વિચાર કર્યો કે હવે પટેલની પૂરી ફજેતી કરવી.

પછી કણબણે તો માથે ઓઢીને કૂટવા માંડ્યું કણબણ રોતી જાય ને કૂટતી જાય ---

''ગોરી ગાય ને ગળે ફુમકું;
ગાડું ઘઉં ને મહીં બૂમકું;
લે રે હૈયાભફ,
લે રે હૈયાભફ!''

માણસો બધા ભેગા મળ્યા. બધા પૂછવા મંડયાં : ''પટલાણી ! શું છે તે રૂવો છો?''

પટલાણી કહે : ''ઈ તો ઘરેથી એની બહેનને ત્યાં ગોરી ગાય ને ગાડું ઘઉં દેવા ગયેલા, પણ દુકાળમાં બહેન ને ભાણેજો બધાં મરી ખૂટેલાં તે પાછા આવ્યા. એટલે એની આજે કાણ માંડી છે.''

પટેલનું ઘર સારું એટલે ગામ આખું કૂટવા ને રોવા ભેગું થયું. પટેલને ખેતરે ખબર થઈ કે ઘરે તો કાણ માંડી છે એટલે એ પણ હાંફલોફાંફલો ઘેર આવ્યો. ત્યાં તો સૌ કૂટતાં હતાં :

''ગોરી ગાય ને ગળે ફુમકું;
ગાડું ઘઉં ને મહીં બૂમકું;
લે રે હૈયાભફ,
લે રે હૈયાભફ!''

પટેલની પાસે સૌ એની બહેનભાણેજનો ખરખરો કરવા લાગ્યા.

પટેલ વાત સમજી ગયો કે આ તો હાથના કર્યા હૈયે વાગ્યાં !

પછી બીજે દિવસે પટેલ ગાડું ભરીને ઘઉં ને બીજી ગાય લઈને એને સાસરે જઈને આપી આવ્યો.

## તડતડ તુંબડી તડંતડા

એક હતો છોકરો. એક વાર એ ગામ જવા નીકળ્યો. માએ ભાતામાં સાત ઢેબરાં કરી દીધાં હતાં. ઢેબરાં લઈને છોકરો તો ચાલ્યો.

ચાલતાં ચાલતાં એક વાવ આવી. બપોર થયા હતા. છોકરો કહે : ''હવે તો ભૂખ બહુ લાગી છે. ચાલ ને ભાતું કાઢીને ખાઉં. આ વાવને પગથિયે ઠીક પડશે.''

છોકરો તો વાવે બેઠો. ભાતું છોડ્યું. ભૂખ બહુ લાગી હતી. છોકરો બેઠો બેઠો મનમાં વિચાર કરવા લાગ્યો : ''આમાંથી કેટલાં ખાઉં? એક ખાઉં? બે ખાઉં? ત્રણ ખાઉં ચાર ખાઉં? પાંચ ખાઉં? છ ખાઉં? સાતે ખાઉં?''

વાવમાં સાત ભૂત રહેતા હતા. તેમણે આ સાંભળ્યું. એ કહે : ''એલા, આ વળી કોણ આવ્યો છે? આપણને સાતેને ખાઈ જવાનું કહે છે તે કો'ક મોટો જબરો હોવો જોઈએ!''

એક ભૂત કહે : ''ચાલો ને કાંઈક એને ભેટ આપીએ? રાજી થઈને ચાલ્યો જાય તો બહુ સારું.''

ભૂતની પાસે એક ચૂલો હતો. એવો ચૂલો કે એમાં જે ચિંતવીએ તે થાય. લાડવા ચિંતવો તો લાડવા થાય ને પેંડા બરફી ચિંતવો તો પેંડાબરફી થાય. તમે જે ચિંતવો તે થાય.

ભૂત તો બીતો બીતો ઉપર આવ્યો ને કહે : ''અરે ભાઈ અમને શા સારું ખાઈ જવાનું બોલે છે? અમે કંઈ તારું થોડું બગાડ્યું છે? અમે તો અમારી મોખે આ કૂવામાં રહીએ છીએ. તારે જોઈતો હોય તો લે આ ચૂલો લઈ જા. આ ચૂલો એવો છે કે તું જે ચિંતવીશ તે એમાં થશે.''



છોકરે તો ચૂલો લઈ લીધો. મનમાં કહે : ''અરે, આ તો કામ પાક્યું! આપણે તો ઢેબરાં ખાવાનું કરતા હતા ને ઢેબરાં ગણતા હતા ત્યાં તો ભૂત બી ગયા ને આ ચૂલો મળ્યો!''

છોકરો તો ઘર ભણી પાછો વળ્યો. રસ્તામાં બહેનને ગામ રાત રહ્યો. રાતમાં વિચાર થયો : ''ચાલ ને પાછો ફરી વાર જાઉં ને કાંઈક બીજું લઈ આવું! જઈને ભૂતને પાછા બિવરાવીશ.''

એણે તો બહેનને બધી વાત કરી. ચૂલો એની પાસે રાખ્યો, ને બહેને સાત ઢેબરાં કરી આપ્યાં તે લઈને પાછો પોતે પેલી વાવ તરફ ચાલ્યો.

બપોર થયા એટલે પાછો એની એ વાવ પાસે આવ્યો.

પગથિયે બેસીને ઢેબરાં કાઢયાં અને બોલ્યો : ''એક ખાઉં? બે ખાઉં? ત્રણ ખાઉં ? ચાર ખાઉં? પાંચ ખાઉં? છ ખાઉં? સાતે ખાઉં?''

ભૂતોને તો એવી બીક લાગી કે બસ! વળી એક ભૂત ઉપર આવ્યો ને એક બકરી લાવ્યો ને કહે : ''લે ભાઈ! આ બકરી એવી છે કે જ્યારે કહીશ ત્યારે સોનાની લીંડી કરશે.''

છોકરો બકરી લઈને બહેનને ઘેર આવ્યો ને ત્યાં બે દિવસ રહી પાછો ઢેબરાં કરી વાવે આવ્યો ને પહેલાંની જેમ જ બોલ્યો.

ત્યાં તો વળી પાછો એક ભૂત ઉપર આવ્યો ને કહે : ''લે ભાઈ! આ એક તુંબડી લે. તુંબડી એવી છે કે 'તડતડ તુંબડી તડંતડા' એમ બોલીશ એટલે જેને કહીશ એને તડતડ લાગશે. તું પાછી બોલાવીશ નહિ ત્યાં સુધી માથામાં લાગ્યા જ કરશે.''

છોકરો તો પાછો બહેનને ઘેર આવ્યો. પણ

બહેનની દાનત બગડેલી. પેલો ચૂલો અને બકરી બહેને રાખ્યા, અને એને બદલે એણે બીજો ચૂલો ને બકરી મૂક્યાં.

ભાઈએ તો ચૂલો અને બકરી માગ્યાં એટલે બહેને બીજાં રાખ્યાં હતાં તે આપ્યાં.

ભાઈએ વિચાર કર્યા કે લાવ જોઉં તો ખરો કે ચૂલો ને બકરી એનાં એ છે કે નહિ?

ભાઈએ તો ચૂલાને કહ્યું : ''શીરોપુરી આપ.'' પણ ચૂલે તો કાંઈ આપ્યું નહિ તે પછી બકરીને કહે : ''સોનાની લીંડીઓ કર.'' બકરીએ તો છાણની લીંડીઓ કરી.

છોકરો કહે : ''હં... આમાં બે'નનાં કામ છે! હરકત નહિ; બે'નને પણ ખબર પડશે.''

પછી બહેન દેખે એમ છોકરે તુંબડીને કહ્યું : ''તડતડ તુંબડી તડંતડા'' ત્યાં તો તુંબડી ઊછળવા માંડી.

છોકરાએ તુંબડીના કાનમાં કાંઈક એવું કહ્યું કે તુંબડી શાંત થઈ ગઈ.

બહેન કહે : ''આ તુંબડીમાંય કાંઈક લાગે છે ખરું! ચાલ ને, એયે લઈ લઉં.''

બહેને બીજી તુંબડી આણી ને એને બદલે મૂકી દીધી.

પછી ઘરમાં જઈને બોલી : ''તડતડ તુંબડી તડંતડા.'' ત્યાં તો તુંબડી ઊછળવા લાગી ને બહેનના માથામાં તડતડ લાગવા માંડી.



બહેન તો ઘરમાંથી ઓશરીમાં ને ઓશરીમાંથી ઘરમાં, આમથીઆમ ભાગે, પણ તુંબડી તો વાંસેની વાંસે !

તુંબડી કેમે કરીને છોડે જ નહિ તો ! બહેન તો કાયર કાયર થઈ ગઈ. માથામાંથી લોહી જાય ભાગ્યું.

બહેન તો ભાઈ પાસે આવીને કહે : ''લે બાપુ ! આ તારી તુંબડીને પાછી બોલાવ. એણે તો મારું તુંબડું તોડી નાખ્યું !''

ભાઈ કહે : ''હજી ઓલી બકરી અને ચૂલો રાખી મૂક્યા છે એ તો કાઢ !''

બહેન તો ભોંઠી પડી ગઈ ને બધું પાછું આપી દીધું.

પછી છોકરો મા પાસે ગયો, છોકરો તો ચૂલા પાસેથી ભાતભાતની રસોઈ ખાય. એણે તો સોનાની

લીંડીઓ વેચીને મોટા મોટા મહેલો કર્યા ને એક મોટા રાજા જેવો થઈ પડયો. કોઈ એની સાથે લડી પણ ન શકે. જો લડે તો તુંબડી 'તડંતડા, તડંતડા થાય !

એક દિવસ છોકરાએ રાજાને કહ્યું : ''રાજાજી? તમારી કુંવરીને મારી સાથે પરણાવો.''

રાજાએ તો સિપાઈઓ મોકલ્યા ને કહે : ''એને પકડીને બાંધી લાવો.''

પણ ત્યાં તો તુંબડી તૈયાર જ હતી. 'તડંતડા, તડંતડા !' સિપાઈના તુંબલા જ તોડી નાંખ્યા.

સિપાઈ તો પાછા ગયા.

પ્રધાન ગયો તો એનાયે એ જ હાલ !

પછી રાજાએ એને પોતાની કુંવરી પરણાવી, ને ખાધું પીધું ને રાજ કર્યું.



## હો આંબાભાઈ, હો લીંબાભાઈ !

એક હતો રાજા, એને સાત રાણીઓ; છ માનીતી ને એક અણમાનીતી.

માનીતી રાણીઓને તો મોટા મોટા બંગલા ને મજાનાં રૂપાળાં દીવાનખાનાં! અંદર હાંડીઓ ને ઝુમ્મરનો તો કોઈ પાર નહિ. નોકર, ચાકર અને દાસદાસીઓ તો કેટલાંય બધાં.

બિચારી અણમાનીતીને તો ભૂંડુંભૂખ ઝૂંપડું. અંદર બે હાંડલાં ને એક ભૂંડીભૂખ જેવી દાસી

અણમાનીતીના દુઃખનો તો કોઈ પાર નહિ. કેમે કરી દિવસ ન ખૂટે. રાત ખૂટે તો દિવસ ન ખૂટે, ને દિવસ ખૂટે તો રાત ન ખૂટે. બિચારી રોઈ રોઈને દિવસ કાઢે.

અણમાનીતી એક દિવસ કહે : "આમ રોયા કરું છું તે લાવ ને કાંઈક કામ કરું કે દિવસ તો જાય!"

દાસીને કહે : "દાસી! જા, ગામમાંથી હીર લઈ આવ. મારે રૂમાલ ભરવો છે."

દાસી તો જાતજાતના ને ભાતભાતના હીરના દોરા લઈ આવી.

રાણીએ તો રૂમાલ ભરવો શરૂ કર્યો. દિવસ આખો રૂમાલ જ ભર્યા કરે. રાતેય પૂરું ઊંઘે નહિ. દિવસ ને રાત ક્યાં જાય છે એની રાણીને ખબર ન પડે.



રૂમાલમાં તો રાણીએ મોર ને પોપટ, મેના ને હંસ, એવાં એવાં પક્ષીઓ ભર્યાં; જાતજાતના ફૂલો પણ ભર્યાં ફરતી રૂપાળી લીલી એવી વેલ કાઢી.

એક વરસ થયું એટલે રૂમાલ ભરાઈને પૂરો થયો.

રાણીએ તો રૂમાલને બારણામાં પડદાની જેમ ટાંગ્યો.

રાજા ત્યાંથી ફરવા નીકળ્યો. રૂમાલ જોઈને રાજા તો અજાયબ થઈ ગયો.

રાજા કહે : ''આ આવો રૂમાલ કોણે ભર્યો હશે? આવો તો કોઈ દિવસ જોયો નહોતો.''

રાજા ચાકરોને કહે : ''તપાસ તો કરો, એ કોનું ઘર છે ને રૂમાલ કોણે ભર્યો છે?''

ત્યાં તો એ અણમાનીતીનું જ ઘર નીકળ્યું; ને એણે જ એ ભરેલો !

રાજા તો રાણી ઉપર ખુશી ખુશી થઈ ગયો. એ તો રોજ અણમાનીતીને ત્યાં આવે, બેસે ને વાતો કરે. કોઈ વાર એને ત્યાં ખાય પણ ખરો. રાજા તો માનીતી રાણીઓને ભૂલી જ ગયો !

એમ કરતાં કરતાં અણમાનીતીને દીકરો આવવાનો વખત થયો. પેલી માનીતી રાણીઓ કહે : ''હવે આ અણમાનીતીના છોકરાને મારી નાખવો જોઈએ. નહિતર તો એ રાજનો ધણી થશે અને આપણે તો ભૂંડે હાલે રખડશું.''

એમણે તો એક સુયાણીને બોલાવીને કહ્યું : ''જોજે; પેલી અણમાનીતીને છોકરો આવે એટલે રાણીની આંખે પાટા બાંધજે ને છોકરાને બાગમાં દાટી આવજે, જોજે ભૂલી છે ને તો ! આ લે સો રૂપિયા લેતી જા. પછી વળી બીજા દેશું.''

અણમાનીતીને છોકરો આવ્યો; રૂડો રૂપાળો પૂનમનાં ચાંદા જેવો !

રાંડ સુયાણીએ તો રાણીની આંખે પાટા બાંધી દીધા, દીકરાને લઈને બાગમાં દાટી આવી અને રાણીના પડખામાં મોટો બધો પાણો મૂકી દીધો !

રાજા કહે : ''રાણીને શું અવતર્યું''

સુયાણી કહે : ''અણમાનીતીને શું આવવાનું હતું? આવ્યો છે મોટો પાણો બીજું તે શું આવે?''

રાજાને શી ખબર પડે? રાજા જાણે એમ હશે. રાજા કહે : ''ઠીક.''

વળી બે વરસ થયાં ત્યાં તો અણમાનીતીને બીજો કુંવર આવ્યો. કાંઈ રૂપાળો! વાત કરો મા;

પણ રાંડ સુયાણીએ એનેય બાગમાં દાટી દીધો. આંખે પાટા જ બાંધી રાખ્યા.

રાજાએ પૂછ્યું : ''કેમ, આ વખતે શા ખબર છે.''

સુયાણી કહે : ''બીજા શા હોય? અણમાનીતીને પેટ તો પથરા જ હોય ના?''

રાજા બિચારો ભોળો હશે. એણે એ સાચું માન્યું.

એમ કરતાં અણમાનીતીને છ કુંવર ને સાતમી કુંવરી આવી. કુંવરી તો જાણે સૂરજ જેવી, ને કુંવરી તો એવી કે ઈન્દ્રના ઘરની અપ્સરા!

સુયાણીને કાંઈ દયા હતી? તેણે તો એક પછી એક બધાંયને દાટી દીધાં.

બાગમાં તો સાત ઝાડ ઊગ્યાં : છ આંબાના ને એક એલચીનું : છ ભાઈનાં ને એક બહેનનું.

એક વાર સવારમાં ભંગી બાગમાં વાળતો હતો,.



ત્યાં એનો સાવરણો એલચીના ઝાડને અડી ગયો, ત્યાં છોડ બોલ્યો :--

''હો આંબાભાઈ, હો લીંબાભાઈ !
એક એલચડીબેનને કોણ હલાવે ?''

આંબો કહે :--

''ખમ્મા, મારી બે'ન બા !
એ તો આપણો ભંગી છે.''

ભંગી તો જઈને જમાદારને કહે :

''જમાદાર, જમાદાર ! જોવા તો ચાલો ! પણે કાંઈક કૌતુક છે. માળું ઝાડ બોલે છે !''

જમાદાર એલચીના છોડને જઈને જ્યાં અડે છે ત્યાં એલચીનો છોડ તો બોલ્યો :--

''હો આંબાભાઈ, હો લીંબાભાઈ !
એક એલચડીબેનને કોણ હલાવે ?''

આંબો કહે :--

''ખમ્મા, મારી બે'નં બા !
એ તો આપણા જમાદાર છે.''

જમાદારને કહે : ''અરે માળું ! આ તો કાંઈક છે.''

એણે તો જઈને ફોજદારને કહ્યું. ફોજદાર આવીને એલચીને હલાવે ત્યાં તો :

''હો આંબાભાઈ, હો લીંબાભાઈ !
એક એલચડીબેનને કોણ હલાવે ?''

ફોજદારે તો પ્રધાનને વાત કરી ને પ્રધાને રાજાને વાત કરી.

રાજા પોતે જાતે આવ્યો ને એલચીને હલાવી. ત્યાં તો અંદરથી બોલ્યું :--

''હો આંબાભાઈ, હો લીંબાભાઈ !
એક એલચડીબેનને કોણ હલાવે ?''

ત્યાં તો આંબો હસીને બોલ્યો :--

''ખમ્મા, મારી બે'ન બા !
એ તો આપણા બાપુ છે.''

રાજા તો વિસ્મય પામ્યો.

ત્યાં તો માનીતી રાણીઓય આવી. એક જણીએ હલાવ્યું ત્યાં ઝાડ બોલ્યું :--

"હો આંબાભાઈ, હો લીંબાભાઈ !
એક એલચડીબેનને કોણ હલાવે ?"

ત્યાં તો આંબો બોલ્યો :--

"ખમ્મા, મારી બે'ન બા ?
એ તો આપણી વેરણ મા છે."

રાજા તો એ સાંભળી રાતોચોળ થઈ ગયો. માનીતીરાણી પણ ભોંઠી પડી ગઈ !

વળી બીજી માનીતી રાણીઓ અડી તો એમણે પણ એવું જ સાંભળ્યું.

ત્યાં તો હળવેક દઈને અણમાનીતી રાણી એલચીના છોડને અડી. એટલે વળી એલચીનો છોડ બોલ્યો :--

"હો આંબાભાઈ, હો લીંબાભાઈ !
એક એલચડીબેનને કોણ હલાવે ?"

આંબો કહે :--

"ખમ્મા, મારી બે'ન બા !
એ તો આપણી માડી છે."

રાજા તો વિચારમાં જ પડી ગયો.

અણમાનીતી રાણી કહે : "અરે, અહીં મારાં છોકરાં ક્યાંથી ?"

રાજાએ તો સુયાણીને બોલાવી ને કહ્યું : "માની

જા, નહિતર ઘાણીએ ઘાલીને તેલ કાઢીશ. બોલ, સાચી વાત શી છે?''

સુયાણી બધું માની ગઈ.

પછી તો આંબા નીચેથી ભાઈ નીકળ્યા ને એલચી નીચેથી બહેન નીકળી, બધાં રાજી રાજી થઈ ગયાં.

રાજાએ તો બધી માનીતીઓને માથે મૂંડા કરાવી, ખડી ચોપડાવી, અવળે ગધેડે બેસારી કાઢી મૂકી; ને અણમાનીતી રાણીને માનીતી કરીને રાખી.

ખાધું, પીધું ને રાજ કર્યું.

## સોનબાઈ અને રૂપબાઈની વાર્તા

એક હતી સોનબાઈ, અને એક હતી રૂપબાઈ. એ બે બહેનપણીઓ હતી. એક વાર સોનબાઈ અને રૂપબાઈ ધૂળ લેવા ગયાં. સોનબાઈ ખોદે ત્યાં સોનું નીકળે. રૂપબાઈને આથી અદેખાઈ આવી. બેઉ જણી જ્યારે સૂંડલા ભરી રહી ત્યારે સોનબાઈ રૂપબાઈને કહે : ''બહેન, બહેન ! આ મારો સૂંડલો ચડાવ ને ?''



રૂપબાઈ કહે : ''હું તો તારો સૂંડલો કાંઈ ચડાવતી નથી. ચડાવ ને તારી મેળાએ ? મારો સૂંડલો ચડાવીને હું તો મારે આ ચાલી.''

એમ કહીને રૂપબાઈએ તો પોતાનો સૂંડલો પોતાને માથે ચડાવ્યો ને ઘેર ચાલી ગઈ. સોનબાઈ બિચારી વનમાં એકલી રહી. એ તો ઊભી ઊભી કોઈ ચડાવવાવાળાની વાટ જોવા લાગી. એટલામાં ત્યાં એક બાવો નીકળ્યો. સોનબાઈએ એ બાવાજીને કહ્યું : ''બાવાજી બાવાજી ! મને જરા આ સૂંડલો ચડાવોને ?''

બાવો સૂંડલો ચડાવવા પાસે આવ્યો; પણ સોનબાઈની નજીક આવ્યો એટલે તો એને સોનબાઈને ઉપાડી જવાનો વિચાર થયો. એ તો સોનબાઈને ખંભે ચડાવી ચાલતો થઈ ગયો.

બાવો સોનબાઈને વનમાં ખૂબ દૂર લઈ ગયો. ત્યાં એક ઊંચું ઝાડ હતું તેના ઉપર એણે સોનબાઈને ચડાવ્યાં. પછી એ ગામમાં ગયો ને માખણ લાવી માખણને ઝાડના થડ સાથે ચોપડ્યું. એટલે સોનબાઈ નીચે ઊતરી શકે નહિ અને કોઈ ઉપર ચડી શકે નહિ. બાવો રોજ લોટ માગવા જાય અને સોનબાઈ એકલાં ઝાડ ઉપર રહે. સોનબાઈ બિચારાં બહુ જ મૂંઝાય પણ કરે શું? ઝાડેથી નીચે ઊતરાય જ નહિ ત્યાં?



ઘણે વખતે સોનબાઈના ભાઈના લગ્ન કરવાનો દિવસ આવ્યો. જાન જોડી સોનબાઈનાં માબાપ બીજે ગામ જવા નીકળ્યાં. રસ્તામાં જે ઝાડ ઊપર સોનબાઈ રહેતાં

હતાં. તે જ ઝાડ આવ્યું. સૌ એ ઝાડ નીચે ભાતું ખાવા બેઠા. સોનબાઈએ ઉપર બેઠાં બેઠાં બધાંયને દેખ્યાં; મનમાં મનમાં તેને રોવું આવી ગયું. તેનો પાળેલો મોતિયો કૂતરો પણ જાનમાં સાથે જ હતો. મોતિયાને જોઈને સોનબાઈનું હૈયું ભરાઈ આવ્યું. તે બોલી :—

''મોતિયા રે કૂતરા, મોતિયા રે કૂતરા !
તમે તો સૌ જાને જાવ છો
ખાજલિયાં ખાજાં ખાવ છો;
પોટલીએ પાણી પીવ છો,
સોનબાઈ વનમાં એકલી ?''

સોનબાઈ એક વાર આમ બોલ્યાં એટલે સૌ વિચારવા લાગ્યાં : ''અરે ! આ તે અહીં કોણ બોલે છે ?''

ત્યાં તો વળી સોનબાઈ બોલ્યા :—

''મોતિયા રે કૂતરા, મોતિયા રે કૂતરા !
તમે તો સૌ જાને જાવ છો
ખાજલિયાં ખાજાં ખાવ છો;
પોટલીએ પાણી પીવ છો,
સોનબાઈ વનમાં એકલી ?''

માબાપના મનમાં થયું કે આ તો જરૂર સોનબાઈનો જ સાદ. બધાંએ ઊંચે ઝાડ તરફ જોયું તો સૌએ સોનબાઈને દીઠાં. પછી મોતિયે થડ ઊપરનું બધું માખણ ચાટી લીધું, અને સોનબાઈનો ભાઈ ઉપર ચડ્યો; તેણે સોનબાઈને નીચે ઊતારી. પછી સોનબાઈને સાથે લઈને જાન પોતાને રસ્તે પડી ગઈ.

પાછળથી લોટ માગીને બાવો ઝાડ પાસે આવીને જુએ છે તો સોનબાઈ તો ન મળે! ઝાડના થડ ઉપરથી માખણ પણ કોઈક ચાટી ગયેલું.

બાવો તો ત્યાં થઈને જાનનું ગાડું નીકળ્યું હતું તેને ચીલે ચીલે ચાલ્યો, અને જે ગામમાં જાન ગઈ હતી તે ગામમાં ગયો. ગામમાં ફરવા લાગ્યો ને બોલવા લાગ્યો :--

''લાવ મારી સોની
નીકર ધોકો લગાવી દઉં;
લાવ મારી સોની
નીકર ધોકો લગાવી દઉં.''

સોનબાઈએ બાવાને ભાળ્યો એટલે એણે સૌને કહ્યું : ''આ બાવો જ મને લઈ ગયો હતો.''

પછી એક જણાએ બાવાને કહ્યું : ''બાવાજી! સોની જોઈએ છીઈને?''

બાવો કહે : ''હા.''

એટલે પેલા માણસે બાવાને કહ્યું : ''ત્યારે બાવાજી ! બેસો આ ખાટલા ઉપર. હમણાં સોનીને લઈ આવું છું.''

ખાટલો કૂવા ઉપર ઢાળ્યો હતો ને અંદરવાણ ભર્યા વિનાનો હતો; તેના ઉપર એકલો ચોફાળ પાથર્યો હતો, જ્યા બાવાજી સોનીને લોભે ચોફાળ પર બેસવા ગયા ત્યાં ધબ દઈને કૂવામાં પડયા ને ડૂબી મૂઆ ! પછી સોનબાઈ અને સૌ ભાઈને પરણાવીને ઘેર આવ્યાં.

# સોનબાઈની વાર્તા

એક હતી સોનબાઈ એ બહુ જ રૂપાળી હતી. એના માથાના વાળ સોનેરી હતા. એ રાજકુંવરી હતી.

એક વખત સાંજે સોનબાઈ નદીએ નહાવા ગઈ. માથું ધોતાં ધોતાં તેના માથામાંથી બેચાર સોનેરી વાળ ખરી પડયા.

એ જ સાંજે રાજકુંવર (તેનો ભાઈ) નદીએ ઘોડાને પાણી પાવા આવેલો. તેણે આ સોનેરી વાળને પાણીમાં તણાતા જોયા. સુંદર સોનેરી વાળને જોઈને રાજકુંવરના મનમાં થયું : ''પરણવું તો આ સોનેરી વાળવાળી સ્ત્રીને જ પરણવું, નહિતર કુંવારા રહેવું.''

રાજકુંવર સોનેરી વાળને પોતાની સાથે ઘેર લેતો આવ્યો. ઘેર આવી રાજમહેલમાં ન જતાં કુંવર સીધો ઘોડારમાં ગયો અને ત્યાં ઊંધી ખાટલી નાખી સૂતો.

થાળીનો વખત થયો એટલે રાજકુંવરની બધે શોધાશોધ થઈ રહી; કયાંય કુંવર જડયા નહિ. એટલામાં એક ઠાણિયો આવીને કહેવા લાગ્યો : ''કુંવરસાહેબ તો કયારનાયે ઊંધી ખાટલી નાખી ઘોડારમાં સૂતા છે.''

પછી સૌ કુંવરને ઘોડારમાં સૂવાનું કારણ પૂછવા અને મનાવવા ગયાં, પણ કુંવરે કોઈને જવાબ ન આપ્યો. છેવટે રાજા અને રાણી કુંવરને મનાવવા ગયાં.

રાજાએ બહુ બહુ કુંવરને વીનવ્યો ત્યારે તેણે કહ્યું : ''મારે તો આ સોનેરી વાળવાળી સ્ત્રીને પરણવું છે. પરણું તો એને પરણું, નહિતર કુંવારો રહું.''

રાજારાણીએ તો આવી સ્ત્રી માટે દેશ-પરદેશ બહુ તપાસ કરી પણ પોતાની કુંવરી સોનબાઈ સિવાય બીજી કોઈ એવી સોનેરી વાળવાળી સ્ત્રી મળી નહિ.

રાજાએ કુંવરને કહ્યું : ''સોનેરી વાળવાળી કોઈ બીજી સ્ત્રી તો નથી; આવા વાળવાળી તો એક તારી બહેન સોનબાઈ જ છે.''

કુંવરે કહ્યું : ''તો હું એને પરણીશ.''

સૌએ કુંવરને બહુયે સમજાવ્યો. પણ કુંવર એકનો બે થયો નહિ.

આખરે રાજાએ સોનબાઈનાં લગ્ન લીધાં ને લગ્નની ધામધૂમ આદરી.

સોનબાઈને આ વાતની ખબર પડી. પોતાનાં લગ્ન પોતાના જ ભાઈ સાથે થવાનાં છે એ જાણી એને રીસ ચડી, ને પોતે એક રૂખડા ઉપર ચડી ગઈ.

માયરાનો વખત થયો. પણ સોનબાઈ તો ક્યાંય જડે નહિ. ચારકોરે ગોતાગોત થઈ રહી.

એક બાનડીએ કહ્યું : ''બા તો રૂખડા ઉપર ચડી ગયાં છે. એ તો કહે છે કે હું ભાઈને નહિ પરણું. હું તો રૂખડા ઉપર બેસી આકાશમાં ચાલી જઈશ.''



સૌ સોનબાઈને
મનાવીને નીચે ઉતારવા
રૂખડા પાસે ગયાં.
માએ સોનબાઈ ને કહ્યું :

''ઊતરો રે મારાં સોનબાઈ ગોરાં !
મોતી તોરણ રજે ભરાય છે;
ફૂલની માળા કરમાઈ જાય છે.
રાતો ચૂડલો રજે ભરાય છે.
બ્રાહ્મણ બેઠો ખોટી થાય છે;
લગ્નવેળા વહી વહી જાય છે.''

સોનબાઈએ ઝાડ ઉપર બેઠાં બેઠાં જ જવાબ આપ્યો :

''નહિ ઊતરું રે, નહિ ઊતરું રે !
આજ તું થા છો સગી રે માડી;
કાલ તું થાશે સગી રે સાસુ
વધ વધ રૂખડા વધી જજે.''

સોનબાઈ આટલું બોલ્યાં ત્યાં તો રૂખડો વધીને ઊંચો થયો.

પછી સોનબાઈને તેના બાપા મનાવવા આવ્યા. બાપે સોનબાઈને કહ્યું :

''ઊતરો રે મોરાં સોનબાઈ ગોરાં !
મોતી તોરણ રજે ભરાય છે;
ફૂલની માળા કરમાઈ જાય છે.
રાતો ચૂડલો રજે ભરાય છે.
બ્રાહ્મણ બેઠો ખોટી થાય છે;
લગ્નવેળા વહી વહી જાય છે.''

સોનબાઈએ રૂખડાં પર ઊંચે બેઠાં બેઠાં જ કહ્યું:

''નહિ ઊતરું રે, નહિ ઊતરું રે !
આજ તું થા છો સગો રે બાપ;
કાલ તું થાશે સગો રે સસરો;
વધ વધ રૂખડા વધી જજે.''

એટલામાં તો રૂખડો ખૂબ વધી ગયો અને સોનબાઈ ઊંચે ગયાં.



પછી સોનબાઈને તેનો ભાઈ મનાવવા આવ્યો. તેણે સોનબાઈને કહ્યું :

''ઊતરો રે મોરાં સોનબાઈ ગોરાં !
મોતી તોરણ રજે ભરાય છે;
ફૂલની માળા કરમાઈ જાય છે.
રાતો ચૂડલો રજે ભરાય છે.
બ્રાહ્મણ બેઠો ખોટી થાય છે;
લગ્નવેળા વહી વહી જાય છે.''

સોનબાઈએ ઝાડ ઉપરથી જ જવાબ વાળ્યો :

''નહિ ઊતરું રે, નહિ ઊતરું રે !
આજ તું થા છો સગો રે ભાઈ;
કાલ તું થાશે સગો રે જેઠ;
વધ વધ રૂખડા વધી જજે.''

એટલામાં તો રૂખડો ખૂબ ખૂબ વધ્યો અને ઊંચે ચડી ગયો. પછી સોનબાઈને સમજાવવા તેની બહેન આવ્યા.

બહેને કહ્યું :

''ઊતરો રે મોરાં સોનબાઈ ગોરાં !
મોતી તોરણ રજે ભરાય છે;
ફૂલની માળા કરમાઈ જાય છે.
રાતો ચૂડલો રજે ભરાય છે.
બ્રાહ્મણ બેઠો ખોટી થાય છે;
લગ્નવેળા વહી વહી જાય છે.''

સોનબાઈએ કહ્યું :

"નહિ ઊતરું રે, નહિ ઊતરું રે !
આજ તું થા છો સગી રે બે'ની;
કાલ તું થાશે સગી રે નણદી;
વધ વધ રૂખડા વધી જજે."

સોનબાઈ જ્યાં આમ બોલ્યાં ત્યાં તો રૂખડો ખૂબ ઊંચો વધી ગયો અને સોનબાઈ આકાશ નજીક પહોંચી ગયાં.

પછી સોનબાઈની ભાભી, નાની બહેન, નાનો ભાઈ સૌ મનાવવા આવ્યાં. છેવટે સોનબાઈનો મોટો ભાઈ મનાવવા આવ્યો. તેણે કહ્યું :

"ઊતરો રે મોરાં સોનબાઈ ગોરાં !
મોતી તોરણ રજે ભરાય છે;
ફૂલની માળા કરમાઈ જાય છે.
રાતો ચૂડલો રજે ભરાય છે.
બ્રાહ્મણ બેઠો ખોટી થાય છે;
લગ્નવેળા વહી વહી જાય છે."

સોનબાઈએ તો ખૂબ દાઝે બળીને જવાબ આપ્યો:

"નહિ ઊતરું રે, નહિ ઊતરું રે !
આજ તું થા છો સગો રે ભાઈ;
કાલ તું થાશે સગો રે પરણ્યો;
વધ વધ રૂખડા વધી જજે."



એટલામાં તો રૂખડો વધીને ઠેઠ આકાશ સુધી પહોંચી ગયો. ત્યાં પરમેશ્વરે સોનબાઈને આકાશમાં ખેંચી લીધી.

★ ★ ★

# સોનબાઈ ને બગલો

એક હતી સોનબાઈ. રૂપરૂપનો અવતાર. એક વાર સોનબાઈ બહેનપણીઓ સાથે ધૂળ લેવા ગઈ.

સોનબાઈ ખોદે ત્યાં સોનું નીકળે ને બીજી છોરીઓ ખોદે ત્યાં ધૂળ નીકળે.

બધી છોકરીઓ સોનબાઈ ઉપર તો ખારે બળવા લાગી. બધી છોકરીઓ પોતપોતાના સૂંડલા માથે ચડાવી સોનબાઈને એકલી મૂકીને ચાલી ગઈ.

સોનબાઈ તો એકલી રહી, સૂંડલો ચડાવવા ઘણી મહેનત કરે પણ કેમે કર્યો ચડે નહિ.

ત્યાં તો એક બગલો નીકળ્યો.

સોનબાઈ કહે : ''બગલા, બગલા ! આ જરા સૂંડલો ચડાવ ને.''

બગલો કહે : ''તું મને પરણ તો તને સૂંડલો ચડાવું.''

સોનબાઈએ હા પાડી ને બગલે સૂંડલો ચડાવ્યો. સૂંડલો લઈ સોનબાઈ ઘર ભણી ચાલી એટલે બગલો વાંસે વાંસે ચાલ્યો.

સોનબાઈએ તો ઘેર આવીને પોતાની માને બધી વાત કહી.

મા કહે: ''હવે ઘરમાંથી ક્યાંઈ બહાર જઈશ નહિ. જો બહાર જઈશ તો વખતે બગલો ઉપાડી જશે.''

બહાર ઊભો ઊભો બગલો આ વાત સાંભળી ગયો.

એ તો ખૂબ ખિજાયો. એણે બધાં બગલાંને બોલાવ્યાં ને કહ્યું: ''નદીનું પાણી પી જાઓ.''

ત્યાં તો બધાં બગલાં પાણી પીવા માંડયાં તે ઘડીકમાં નદી સાવ સુકાઈ ગઈ.

બીજો દિવસ થયો ત્યારે સોનબાઈનો બાપ ભેંસો લઈને નદીએ પાણી પાવા ગયો. જઈને જુએ તો નદીમાં તો કાંકરા ઊડે! એણે તો કાંઠે ઊભેલા પેલા બગલાને કહ્યું:



''જળ મેલો ને આબક બગલા,
જળ મેલો ને ચાબક બગલા!
ઘોડો ઘોડારમાં તરસ્યા મરે છે,
ગાય ગવતરી તરસી મરે છે.''

બગલો કહે : ''તમારી દીકરી સોનબાઈ ને મારી સાથે પરણાવો તો જળ મેલું.''

બાપે તો હા પાડી એટે બગલાએ નદીમાં જળ મેલ્યું. નદી પાછી હતી એવી પાણીવાળી થઈ ગઈ.

સોનબાઈને તો બગલા સાથે પરણાવી.

સોનાબાઈને પાંખે બેસારીને બગલો તો એને ઘેર લાવ્યો.

પછી તો સોનબાઈ ને બગલો સાથે રહે. બગલો પોતે દાણા ચણી આવે; સાથે બીજા લેતો આવે તે સોનબાઈને આપે.

એમ કરતાં કરતાં સોનાબાઈને તો દીકરો અવતર્યો.

સોનબાઈ તો રાજીનારેડ થઈ ગઈ!

એક દિવસ સોનબાઈના બાપે વિચાર કર્યો : ''ચાલ ને કો'કને મોકલું ને ખબર તો કઢાવું કે સોનબાઈને તે સુખ છે કે દુઃખ?''

બાપે તો સોનબાઈના ભાઈને મોકલ્યો.

સોનબાઈનો ભાઈ તો સોનબાઈ પાસે આવ્યો. ભાઈબહેન મળ્યાં ને ખુશી થયાં.

ત્યાં તો બગલાને ચણીને આવવાનો વખત થયો.

સોનબાઈ કહે : ''ભાઈ! તું આ ડામચિયામાં સંતાઈ જા. બગલો એવો છે કે તને દેખશે તો મારી નાખશે.''



ભાઈ તો ડામચિયામાં સંતાઈ ગયો. સોનબાઈએ બે ગલૂડિયાં પાળ્યાં હતાં તેમાંથી એક ઘંટી હેઠે ઘરમાં પૂર્યું, બીજાને સાવરણી સાથે બાંધી ઘરમાં રાખ્યું અને પોતે બારણાં પાસે જઈને આડી બેઠી.

ત્યાં તો બગલો આવ્યો અને કહે: બારણાં ઉઘાડો.''

સોનબાઈ તો કાંઈ બોલી નહિ; પણ સોનબાઈનો છોકરો બોલ્યો.

''બાપા, બાપા !
મામલિયો ડામચિયામાં,
નાનું ગલૂડું ઘંટી હેઠ
ને મોટું ગલૂડું સાવરણીએ.''

બગલો બહારથી કહે: ''સોનબાઈ ! આ છોકરો શું કહે ?''

સોનબાઈએ અંદરથી જ કહ્યું : ''એ તો અમસ્તો લવે છે.''

ત્યાં તો છોકરો ફરી બોલ્યો :

''બાપા, બાપા !
મામલિયો ડામચિયામાં,
નાનું ગલૂડું ઘંટી હેઠ
ને મોટું ગલૂડું સાવરણીએ.''

બગલો કહે : ''બારણાં ઉઘાડો.'' પણ સોનબાઈએ બારણું ઉઘાડ્યું નહિ.

બગલો તો પાછો ચણવા ચાલ્યો ગયો.

પછી ડામચિયામાંથી મામો નીકળ્યો. ને એની સાથે સોનબાઈ દીકરાને લઈને પોતાને પિયર ચાલી ગઈ.

પાછળથી બગલો આવીને જુએ તો કોઈ ન મળે !

# સોનબાઈ ને બાવો

સાત ભાઈ વચ્ચે એક બેનડી. બહેનનું નામ સોનબાઈ.

ભાભી સાથે સોનબાઈ ધૂળ લેવા ગઈ. સોનબાઈ ખોદે ત્યાં સોનું નીકળે અને ભાભી ખોદે ત્યારે ધૂળ નીકળે.

ભાભીએ ધૂળનો સૂંડલો ભર્યો ને સોનબાઈએ સોનાનો સૂંડલો ભર્યો.

સોનબાઈના સુંડલામાં સોનું જોઈ ભાભીને તો અદેખાઈ આવી. પોતાનો સૂંડલા માથે ચડાવીને તે ચાલવા માંડી.

સોનબાઈ કહે : ''ભાભી, ભાભી ! આ સૂંડલો ચડાવો ને ?''

ભાભી કહે : 'ચડાવ ને તારી મેળાએ ! હું તો કાંઈ ચડાવતી નથી.'' એમ કહીને ભાભી તો ચાલતી થઈ ગઈ.

સોનબાઈ તો એકલી રહી. સૂંડલો ચડાવવામાં ઘણી મહેનત કરે પણ કેમે કરીને ચડે નહિ. ત્યાં તો એક બાવો નીકળ્યો.

બાવો કહે : ''એલી એટલું બધું બળ શું કામ કરે છે ? લે સૂંડલો ચડાવું.''

બાવાએ તો સૂંડલો ચડાવ્યો એટલે સોનબાઈ ઘર ભણી ચાલી.

પણ ત્યાં તો બાવો એની વચે દોડયો ને એને ખાંધ બેસારીને પોતાની સાથે મઢીએ લઈ ગયો.

બાવો તો એની સાથે પરણ્યો. એને ચાર પાંચ છોકરાંયે થયાં.

બાવો તો જાત્રાએ નીકળ્યો સાથે સોનબાઈને એના છોકરાં: ગામેગામ ફરે. સોનબાઈને ગામમાં લોટ માગવા મોકલે, ને પોતે ગામ બહાર બેસે ને છોકરાંને સાચવે.

એમ ફરતાં ફરતાં સોનબાઈ ઘણે વરસે પોતાના બાપના ગામમાં આવી.

બાવે તો હંમેશની પેઠે સોનબાઈને ભીખ માગવા મોકલી.

સોનબાઈ ઘેર ઘેર ફર છે અને ભીખ માગે છે:

''દંતા શેઠને સાત દીકરા,
સાતે ઉપર સોનબાઈ બેની;
મોતીડાં વીણતાં જોગીડે ઝાલી.
બાઈ, બાઈ ! ભીખ દ્યો ને ?''

આમ બોલતી જાય છે ને ફરે છે.

કોઈ બટકુંક રોટલો આપે છે, તો કોઈ ચપટીક લોટ આપે છે.



એમ ફરતાં ફરતાં સોનબાઈ પોતાને જ ઘેર ગઈને બોલી :

''દંતા શેઠને સાત દીકરા,
સાતે ઉપર સોનબાઈ બેની;
મોતીડાં વીણતાં જોગીડે ઝાલી.
બાઈ, બાઈ ! ભીખ દ્યો ને ?''

સોનબાઈ બોલી ત્યાં તો ઘરનું બધું માણસ ભેગું થઈ ગયું ને કહે: ''બાઈ, બાઈ! શું બોલી? ફરીને બોલ જોઈએ?''

સોનબાઈ ફરીને બોલી:

''દંતા શેઠને સાત દીકરા,
સાતે ઉપર સોનબાઈ બેની;
મોતીડાં વીણતાં જોગીડે ઝાલી.
બાઈ, બાઈ! ભીખ ઘો ને?''

બધા કહે: ''આ તો આપણી સોનબાઈ જ ન હોય!''

સોનબાઈને તો સૌએ ઓળખી.

સોનબાઈનાં તો સૌએ દુખડાં લીધાં ને ખવરાવી પિવરાવીને ત્યાં જ રાખી.

બાવે તો સોનબાઈની ઘણી વાટ જોઈ પણ સોનબાઈ પાછી આવી નહિ.

બાવો કહે: ''ચાલ ને ત્યારે સોનબાઈને ગોતવા જાઉં!''

બાવો તો બગલામાં ઝોળી નાખી સોનબાઈને શોધવા નીકળ્યો. બાવો ઘેરઘેર ભીખ માગતો જાય છે ને બોલતો જાય છે:

''ટસરક ટીલડી ચોડી છે,
મસરક માથાં ગૂંથ્યાં છે;
ઘરે બાળકડાં રુવે છે;
જોગીડો વાટ જુએ છે.''

ફરતાં ફરતાં બાવો સોનબાઈને જ ઘેર આવ્યો ને બોલ્યો :

''ટસરક ટીલડી ચોડી છે,
મસરક માથાં ગૂંથ્યાં છે;
ઘરે બાળકડાં રુવે છે;
જોગીડો વાટ જુએ છે.''

ત્યાં તો ઘરનાં માણસો ભેગાં થઈ ગયાં ને



કહે : ''આ તો ઓલ્યો બાવો ! સોનબાઈને લઈ ગયો હતો એ જ !''

બધાં કહે : બાવાજી ! શું બોલ્યા ? ફરી વાર બોલો જોઈએ ?''

બાવો ફરી બોલ્યો :

''ટસરક ટીલડી ચોડી છે,
મસરક માથાં ગૂંથ્યાં છે;
ઘરે બાળકડાં રુવે છે;
જોગીડો વાટ જુએ છે.''

બધાં કહે : ''ઠીક છે; આ બાવાને તો એક વાર પાંસરો કરીએ !''

પછી સૌ કહે : ''બાવાજી ! આવો આવો. આ તમારું સાસરું છે. લ્યો હમણાં સોનબાઈને વળાવીએ છીએ.''

બાવાને તો કૂવા ઉપર ખાટલો ઢાળી એના ઉપર પાથરણું પાથરી બેસવાનું કહ્યું.

બાવાજી જ્યાં ખાટલા ઉપર બેસવા જાય ત્યાં તો ભસ દઈને કૂવામાં પડી ગયા, ને રામ બોલો ભાઈ રામ!

પછી પાદર જઈને સોનબાઈ પોતાનાં છોકરાંને લઈ આવી.

પછી સોનાબઈની ભાભીને નાક-ચોટલો કાપીને અવળે ગધેડે બેસાડી કાઢી મૂકી; ને સોનબાઈએ ખાધું, પીધું ને મોજ કરી.

# સોનબાઈ ને ભંગીનો છોકરો

એક હતી રાજકુંવરી. એનું નામ સોનબાઈ. એને એક ભાઈ. ભાઈબહેન રોજ તળાવની પાળે રમવા જાય.

તળાવની પાળે પાર નહિ એટલા બધા મોર. સોનબાઈને મોર બહુ ગમે. આખો દિવસ એની સાથે રમ્યા જ કરે. બે વખત માત્ર ઘેર જમવા આવે.

સોનબાઈ મોરને રોજ નવરાવે, ધોવરાવે, ખવરાવે, પિવરાવે ને મજા કરાવે. પછી મોર તો થનથન થનથન નાચે, ટીહુક ટીહુક બોલે, ને રૂપાળી કળા કરે.

તળાવની અંદર એક મહેલ હતો. એમાં એક ભંગીનો છોકરો રહે. એને સોનબાઈ સાથે પરણવાનું મન થયું. ઘણાં ઘણાં વાનાં કર્યાં પણ સોનબાઈ કહે : ''મારે એની સાથે નથી પરણવું.''

સોનબાઈ તો રાજકુંવરી રૂપ રૂપનો અવતાર ! એવી કુંવરી કાંઈ ભૂંડા મોઢાવાળા ભંગીને પરણે ?

એક દિવસ સોનબાઈ મોર સાથે રમતી હતી ત્યાં ભંગીનો છોકરો આવ્યો.

સોનબાઈનો ભાઈ ને ભંગીનો છોકરો જૂગટું રમવા બેઠા. સોનબાઈએ તો ભાઈને ઘણો વાર્યો પણ ભાઈ માન્યો નહિ.

રમતાં રમતાં ભાઈ તો લૂગડાં હારી ગયો, ઘોડો

હારી ગયો, તલવાર હારી ગયો ને છેવટે સોનબાઈને પણ હારી ગયો.

સોનબાઈ તો ધ્રુસકે ધ્રુસકે રુવે. સોનબાઈ તો હીબકે હીબકાં ભરીને રુવે. ભાઈ ઘણો પસ્તયો પણ પછી કરે શું?

ભંગીને છોકરો કહે: ''તારે ન પરણવું હોય તો કંઈ નહિ. લે હું તળાવમાં કમળ થઈ જાઉં છું. તું મને અડજે એટલે થયું. એટલે આપણે પરણ્યાં.''

સોનબાઈ કહે: ''ઠીક.''

ભંગીનો છોકરો તો પાણીમાં પડયો ને કમલફૂલ લઈ તરવા મંડયો.

સોનબાઈ તો અડવા ચાલી; પાણી કાંડાબૂડ થયું પણ કમળને અડાય નહિ.

સોનબાઈ ભાઈને કહે :-

''કાંડાં કાંડાંસમાણા પાણી, મારા વીરા!
તોય કમળફૂલ આઘું આઘું જાય છે.''

ભાઈ કહે: ''જરાક આઘી જા.''

સોનબાઈ તો ગોઠણબૂડ પાણીમાં ગઈ. કમળફૂલ તો આઘે ગયું. સોનબાઈ કહે :-

''ગોઠણ ગોઠણસમાં પાણી, મારા વીરા !
તોય કમળફૂલ આઘું આઘું જાય છે.''



સોનબાઈનો ભાઈ કહે: ''હજી જરાક આઘી જા ને!''

સોનબાઈ તો કેડ કેડસમાણાં પાણીમાં ગઈ. કમળ વળી આઘે ગયું સોનબાઈ કહે:-

''કેડ કેડસમાણાં પાણી, મારા વીરા!
તોય કમળફૂલ આઘું આઘું જાય છે.''

ભાઈ કહે: ''હજી જરાક આઘી જા. હમણાં અડી જઈશ.''

સોનબાઈ તો છાતીબૂડ પાણીમાં ગઈ. કમળ તો આઘે ને આઘે. સોન બાઈ કહે :

''છાતી છાતીસમાં પાણી, મારા વીરા!
તોય કમળફૂલ આઘું આઘું જાય છે.''

ભાઈ કહે: ''હવે જરાક આઘી જા. હવે તો હમણાં અડી જઈશ.''

સોનબાઈ તો જરાક આઘી ગઈ ત્યાં ગળાબૂડ પાણી થયું સોનબાઈ કહે :-

''ગળા ગળાસમાં પાણી, મારા વીરા!
તોય કમળફૂલ આઘું આઘું જાય છે.''

ભાઈ કહે: ''જરાક હાથ લાંબો કર, હમણાં જ આવી જશે. હવે તો સાવ પાસે જ છે.''

સોનબાઈ હાથ લાંબો કરવા જાય ત્યાં તો પાણીમાં બૂડી ગઈ!

ત્યાં તો કમળફૂલને બદલે ભંગીનો છોકરો થઈ ગયો અને સોનબાઈને એણે પાણીમાં ખેંચી લીધી.

એ તો સોનબાઈને પાણી નીચે એક મહેલ હતો ત્યાં લઈ ગયો.

મહેલ તો રૂપાળો હતો. ખાવા પીવાનીય કાંઈ ખોટ

નહિ. પણ સોનબાઈને ઘડીયે ન સોરવે. એ તો એના મોર અને એના ભાઈને સંભારી સંભારીને રુવે.

એક દિવસ સોનબાઈ અગાશીમાં ઊભી ઊભી રોતી હતી ત્યાં કંઈક અવાજ આવ્યો. કોઈક તળાવની પાળેથી બોલતું હતું.

''સોનાબાઈ બેની, સોનાબાઈ બેની !
ઊને પાણીએ નવરાવતાં,
ટાઢું પાણી પિવરાવતા,
ચૂરમું ચોળી ખવરાવતાં.
ફળિયામાં ભાભી સાવરણે મારે,
પાણિયારે જઈએ તો બુઝારે મારે,
પાસે જઈએ તો પાટુએ મારે,
રસોડામાં જઈએ તો વેલણ મારે.''

સોનબાઈ કહે : ''અરે ! આ તો મારા મોરનો અવાજ. અહીં એ કયાંથી આવ્યો હશે ?''

ત્યાં મોર ફરી વખત બોલ્યો :-

''સોનાબાઈ બેની, સોનાબાઈ બેની !
ઊને પાણીએ નવરાવતાં,
ટાઢું પાણી પિવરાવતા,
ચૂરમું ચોળી ખવરાવતાં.
ફળિયામાં ભાભી સાવરણે મારે,
પાણિયારે જઈએ તો બુઝારે મારે,

પાસે જઈએ તો પાટુએ મારે,
રસોડામાં જઈએ તો વેલણ મારે.''

સોનાબાઈ કહે : ''આ તો મારો જ મોર. કાંઠેથી બોલે છે.''

સોનબાઈ ત્યાં બેઠી બેઠી બોલી :-

''શું કરું મોરલા, શું કરું મોરલા ?
ભાઈએ ભંગીને આપી.
ભંગી સૂપડ ગૂંથાવે.
સૂપડ ગૂથતાં ન આવડે.
ભંગી સબસબ સોટા મારે !''

મોર કહે : ''હં....! સોનબાઈ બેની બોલી ખરી! સોનબાઈનેય તે દુઃખના દા'ડા આવ્યા લાગે છે.''

ત્યાં તો સોનબાઈ ફરી વારે બોલી :--

''શું કરું મોરલા, શું કરું મોરલા ?
ભાઈએ ભંગીને આપી,
ભંગી સૂપડ ગૂંથાવે;
સૂપડ ગૂથતાં ન આવડે;
ભંગી સબસબ સોટા મારે.''

મોર કહે : ''નક્કી આ તો સોનબાઈ નો જ અવાજ. બીજી કોઈ નહિ, બેનીને આટલાં બધાં દુઃખ ! ચાલો આપણે રાજા પાસે જઈએ.''

મોરે જઈને બધી વાત રાજાને કરી.

રાજા કહે: ''હેં! મારી સોનબાઈને આટલું બધું દુ:ખ?''

રાજાએ તો સિપાઈને બોલાવ્યા ને કહ્યું: ''જાઓ, તળાવ આખું ઉલેચી નાખો ને ભંગીના છોકરાને પકડી લાવો.''

માણસો બધા મંડયા તે ઘડીકમાં બધું તળાવ ઉલેચી નાખ્યું ને ભંગીના છોકરાને મહેલમાંથી પકડી દરબારમાં આણ્યો.

રાજાએ તો ભંગીના છોકરાને ત્યાંથી કાઢી મૂકયો. એનો મહેલ બળાવી નાખ્યો ને સોનબાઈને પાછાં આણ્યાં.

સોનબાઈ તો એના મોરને ખૂબ ખૂબ મળ્યાં ને ખાધાં પીધાં ને રાજ કર્યાં.



☆ ☆ ☆

# રાજકન્યા અને ચાર પ્રવાસીઓ

એક હતી રાજકન્યા.

કન્યા ઘણી જ હોશિયાર અને ડાહી હતી. જેવી હોશિયાર અને ડાહી એવી જ ભલી અને દયાળું, ને એવી જ ભણેલી ગણેલી.

રાજા એને પૂછીને વાત કરે; રાણી એને પૂછીને પગ મૂકે.

ગરીબગુરબાં તો રાજકન્યાને આશરે. રોગી દોગી તો કે' રાજકન્યાને પનારે. સાધુબાવા તો કે' રાજકન્યાના સદાવ્રતમાં.

રાજાથી રંક સુધી સૌને રાજકન્યા વહાલી; સૌ એનાં બે બે મોઢે વખાણ કરે. સૌ ભગવાન પાસે માગે; ''હે ભગવાન! રાજકન્યાને રાજીતાજી રાખજે અને સો વરસની કરજે!''

એક વાર એ ગામમાં ચાર પ્રવાસી આવ્યા. પ્રવાસી મોટા પંડિતો હતા.

ચારે પ્રવાસીઓએ રાજકન્યાની હોશિયારની વાત સાંભળી. મનમાં થયું: ''આવી રાજકન્યાને મળવું જોઈએ, ને તેની સાથે વાત કરવી જોઈએ.''

ચારે જણા વિચાર કરવા બેઠા: ''કેમ કરશું?''



એક કહે: ''એના અન્નક્ષેત્રમાં ચાલો ત્યાં એ મળશે ને ત્યાં વાત થશે.''

પહેલો જણ અન્નક્ષેત્રમાં ગયો: સાધુબાવા સાથે સદાવ્રત લેવા બેઠો. ત્યાં તો રાજકુમારી નીકળી ને એની જ સામે જોઈને બોલી: ''ભાઈ! તમે અહીં કેમ? તમે કાંઈ સાધુબાવા નથી. તમે કોણ છો?''

પહેલો કહે: ''હું એક મુસાફર છું.''

કન્યા કહે: ''ખોટી વાત. આ દુનિયામાં બે જ મુસાફર છે. તું ત્રીજો કોણ?''

પહેલો માણસ પાછો ગયો. બીજા ત્રણે જણાને વાત કરી. બધાં અચંબો પામ્યા.

બીજો કહે: ''હવે હું જાઉં જોઉં તો ખોરો મને શું કહે છે!''

બીજો જણ અન્નક્ષેત્રમાં ગયો ને બાવા સાધુ ભેગો બેઠો.

રાજકન્યા નીકળી ને પૂછયું: ''અરે ભાઈ! તું કોણ છે? તું કોઈ સાધુબાવો નથી.''

બીજાએ કહ્યું: ''હું તો એક ગરીબ માણસ છું.''

રાજકન્યા કહે: ''આ દુનિયામાં બે જ જણ ગરીબ છે. તું વળી ત્રીજો કોણ?''

મુસાફર કાંઈ ઉત્તર આપી શકયો નહિ ને પાછો ગયો.

જઈને બીજાઓને વાત કરી. બધાએ ઘણા ઘણા વિચાર કર્યા પણ કંઈ સૂઝયુ નહિ. પાછો ત્રીજો જણ ઊપડયો.

અન્નક્ષેત્રમાં બેઠો હતો ત્યાં રાજકન્યા નીકળી ને પૂછયું: ''ભલા! તું અહીં કોણ? અહીં તો માત્ર બાવાસાધુ આવે છે. વળી તું કયાંથી?''

ત્રીજો કહે: ''હું એક નર છું.''

રાજકન્યા કહે: ''ભાઈ! આ દુનિયામાં નર બે જ જણા છે, તું ત્રીજો વળી કયાંથી?''

મુસાફર વિચારમાં પડી ગયો. કંઈ જ ઉત્તર આપી શકયો નહિ. બીજાઓની જેમ તે પણ નીચું મોં ઘાલી પાછો ગયો.

ઉતારે આવી બધી વાત કરી. ચારે જણા માથું ખજવાળવા લાગ્યા. ઘણા વિચાર કર્યા ને પોથીઓ જોઈ વળ્યા. પણ કાંઈ સૂઝયું નહિ. છેવટે ચોથો જણ કહે: ''હવે હું પણ જઈ આવું.''

ચોથો અન્નક્ષેત્રમાં જઈને બેઠો.

રાજકન્યાએ તેની જ સામે જોઈને પૂછયું: ''અરે, તું કોણ છે? અહીં શું કામ છે?''

ચોથો કહે: ''હું એક મૂર્ખ છું.''

કન્યા કહે: ''આ દુનિયામાં માત્ર બે જ મૂર્ખ છે. તું ત્રીજો કયાંથી?''

બિચારો ચોથો મુસાફર પણ કાંઈ જવાબ આપી શકયો નહિ. તે પણ ઉતારા ભણી ચાલી નીકળ્યો.

ચારે જણાએ ઘણા વિચાર કર્યા. ઘણાં શાસ્ત્રો જોયાં પણ કાંઈ જડયું નહિ. પછી તો ચારે રાજકન્યા પાસે ગયા ને એણે પૂછેલા સવાલોના જવાબો એની જ પાસેથી માગ્યા. રાજકન્યા જ્યાં ચારે પ્રવાસીઓ સાથે વાત કરતી બેઠી છે ત્યાં રાજાનો પ્રધાન આવ્યો ને ચારે જણાને પકડયા.

રાજકન્યા વિચારમાં પડી. તરત જ પોતે રાજમહેલમાં ગઈ ને રાજાને કારણ પૂછયું. રાજા કહે: ''પ્રધાન કહે છે કે એ લોકો જાસૂસો છે; પારકા રાજ્યમાંથી આવેલા છે. એમને મહેલમાં કેમ તેડાય? એમને મારે ફાંસીએ દેવા પડશે.''



રાજકન્યા કહે: ''બહુ સારું, એમાં શુ! પણ એમને મેં ચાર સવાલ પૂછેલા છે, ને એમને એ આવડયા નથી. મારે એના જવાબ દેવાના છે. એ કામ થઈ રહે એટલો વખત છૂટ આપો.''

રાજા કહે: ''સવાલ ? સવાલ શાના? કયા સવાલ ?''

રાજાને રાજકુંવરીએ પોતાના ચારે સવાલો કહી સંભળાવ્યા.

રાજા પણ મૂંઝાઈ ગયો. પોતે પણ ઘણો વિચાર કર્યો પણ જવાબ જડયો નહિ. છેવટે રાજા કહે: ''ત્યારે હવે તું જ એના જવાબ આપ.''

રાજકુંવરીએ રાજકચેરી ભરાવી.

પેલા પ્રવાસીઓને પણ કચેરીમાં હાજર કરવામાં આવ્યા. તેમના હાથપગમાં બેડીઓ હતી ને ઊંધે મોંએ બેઠા હતા.

કુંવરીએ મુસાફરોને પૂછેલા સવાલો સૌને પૂછયાં; કોઈ જવાબ આપી ન શકયું. કુંવરી પછી પોતે જ જવાબ આપવા બેઠી. સૌ અચંબાથી જોઈ રહ્યા.

કુંવરી કહે: ''આ જગતમાં બે જ મુસાફર છે: ''એક સૂર્ય અને એક ચંદ્ર.''

બધાએ હા ભણી.

કુંવરી કહે: ''આ જગતમાં બે જ જણ ગરીબ છે: એક ગાય અને એક સ્ત્રી.''

સૌએ વળી હા કહી.

કુંવરી કહે: 'આ જગતમાં બે જણ જ ખરા નર છે: એક અર્જુન અને બીજા શ્રીકૃષ્ણ.''

બધાએ કાન પકડયા.

કુંવરી કહે: ''આ જગતમાં બે જ મૂર્ખ છે: એક રાજા અને એક પ્રધાન. કેમકે આ બિચારા પંડિતોને જાસૂસ કહી તેઓ તેમને ફાંસીએ લટકાવે છે !''

રાજા ખસિયાણો પડી ગયો પણ કુંવરીની હોશિયારી જોઈ રાજી થયો ને ચારે જણાને છોડી મૂકયા.

પછી ચારે પંડિતો રાજકુંવરીને મહેલે ગયા ને ખૂબખૂબ વાર્તલાપ કરીને પોતે ઉતારે ગયા.

★ ★ ★ ★ ★

ગોખલામાં ગોટી
ને વાર્તા કીધી ખોટી.
આંબે આવ્યા મોર
ને વાર્તા કહેશું પોર.

★ ★ ★ ★ ★

# અઘરા શબ્દોના અર્થ

| | |
|---|---|
| આઘું = દૂર | મોખ = સગવડ |
| ગત = કળા | વખો = આપત્તિ |
| ગો = અભિમાન | વાર્તાલાપ = વાતચીત |
| ાણિયો = ખાસદાર | સાધ = શુદ્ધિ |
| ીકર = નહિતર | સોરવવું = ગમવું |
| પાકી = બખ્ખાં પાકયાં | હાકલ = પડકાર, સાદ |

# સ્વ. ગિજુભાઈનું સાહિત્ય

દિવાસ્વપ્ન

આ તે શી માથાફોડ ?

શાંત પળોમાં

પ્રાસંગિક મનન

કિશોર કથાઓ ભાગ - ૧ - ૨ - ૩ - ૪

રખડુ ટોળી

મા - બાપ થવું આકરું છે.

~~વાર્તાનું શાસ્ત્ર~~

બાળવાર્તાઓ ભાગ ૧ થી ૫નો સેટ

## ○ અન્ય બાળસાહિત્ય ○

૧. ઘરમાં બાલમંદિર
૨. બાળકો તોફાન કેમ કરે છે ?
૩. બાળકોને વાર્તા કેવી રીતે કહીશું
લે. મૂળશંકર મો. ભટ્ટ

ત્રણેયની એક પુસ્તકા સાથે જ છે.

બાળગીતો ભાગ - ૧ - ૨ - ૩

સંપાદક : સોમાભાઈ ભાવસાર

: પ્રાપ્તિસ્થાન :

## સંસ્કાર સાહિત્ય મંદિર

પ્લોટ નં. ૧૯૨૫, રૂપાણી દીવડી પાસે,

ભાવનગર - ૩૬૪ ૦૦૧.